જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.15-16* Issue : 476, 05th February - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦

# દેશના ૧ ટકા ધનવાનો ૪૦ ટકા સંપત્તિના માલિક



## લોકશાહી કે આપખુદશાહી ?

## ગુજરાતનાં એક પ્રધાન જેમણે બીડીની દુકાનનું ઉદ્દઘાટન કર્યું

## ભાજપનાં રાજમાં ગુજરાતમાં દરરોજ નવ દૈનિક રોજમદાર મજૂરોની આત્મહત્યા

## CAA લાગુ કરી લઘુમતીઓની ભૂમિકા ખતમ કરવાનો ભાજપનો કારસો : અમર્ત્ય સેન



ગુજરાત વિધાનસભા ખાતે નવનિયુક્ત કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા અને
ઉપનેતાશ્રી શૈલેષ પરમારના પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું



૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન પ્રસંગે આયોજીત ધ્વજવંદન કાર્યક્રમ

**સંપાદક અને પ્રકાશક**
હસમુખ પટેલ

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી
વિજય દવે

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૫-૧૬**
**સળંગ અંક : ૪૭૬**
**5, February - 2023**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**મોદી** સરકારના નાણાપ્રધાન નિર્મલા સીતારમન દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય સામાન્ય બજેટને માત્ર એક શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે આ "જુમલા બજેટ" છે. મોદી સરકારનું આ આખરી બજેટ હતું અને તેથી માત્ર કાગળ પર કેટલીક લોભામણી જાહેરાતો કરીને ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ અને કેટલાંક રાજ્યોની ચૂંટણીઓમાં મત ખેરવવાનો આ એક કારસો હોય એવું સ્પષ્ટ દેખાઈ આવે છે. આમ આ એક ચૂંટણીલક્ષી બજેટ છે. આ બજેટમાં મોંઘવારી રોકવા, કિસાનોની આવક વધારવા, ગરીબી ઘટાડવા અને બેરોજગારોને રોજગારી આપવા માટે કંઈ જ નથી.

દેશમાં મોંઘવારીએ જે રીતે માઝા મૂકી છે એ જોતા બજેટમાં કરવામાં આવેલી જાહેરાતો સમુદ્રમાં એક ટીપાં સમાન છે. બજેટમાં એવી કોઈ જાહેરાત નથી કે મોંઘવારી ઘટે અને બેરોજગારોને રોજગાર મળે. બજેટમાં ગરીબો, ગ્રામીણો, શ્રમિકો, કિસાનો, યુવાનો, મહિલાઓ માટે કોઈ વાત કરવામાં આવી નથી. આ બજેટ એ માત્ર શબ્દોની માયાજાળ છે, આ પ્રથમ બજેટ છે કે જેમાં કિસાનો માટે કંઈ પણ નથી. વાસ્તવમાં આ બજેટ કોર્પોરેટ સમર્થક બજેટ છે. નાણાપ્રધાને દેશ પર કરોડો રૂપિયાના દેવાનાં ડુંગર અંગે કંઈ કહ્યું નથી.

ગુજરાત પંચાયત સર્વિસ સિલેક્શન બોર્ડની જુનિયર ક્લાસની પરીક્ષાના પેપર પરંપરા મુજબ ફુટતા સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો છે. છેલ્લા એક દાયકાથી ભાજપ સરકારના રાજમાં અનેક વિવિધ પરીક્ષાઓનાં પેપરો ફુટવાનો સિલસિલો ચાલુ રહ્યો છે. વાસ્તવમાં પેપર નથી ફુટતાં, પરંતુ તંત્ર ફુટે છે. ભાજપ સરકારના વાંકે ગુજરાત હવે પેપર ફુટવાનું એપિસેન્ટર બની ગયું છે. પરીક્ષા લેનાર સરકાર હવે ખુદ ફેઈલ થઈ છે. જે સરકાર એક પરીક્ષા પણ ન લઈ શકે, તે શું શાસન ચલાવવાની હતી ? દરેક વખતે પેપર ફુટે છે અને પેપર ફુટ્યા બાદ સરકાર તપાસનું નાટક રચીને સબ સલામતના બણગાં ફુંકવાનું ચાલું રાખે છે. ગુજરાત સરકારે પેપરલીકની પરંપરા અકબંધ રાખવાનો વિક્રમ સર્જ્યો છે. પરીક્ષા માટે યોગ્ય વ્યવસ્થાના દાવા પોકળ પુરવાર થયા છે અને નવ લાખથી વધુ ઉમેદવારોના સપનાંઓ પર બુલડોઝર ફરી વળ્યું છે. બેરોજગારોને રોજગારીના નામે થતી આવી ક્રુર મજાક ક્યારે અટકશે ? સિસ્ટમ કે સરકારી વલણ-વૃત્તિમાં કોઈ બદલાવ જોવા મળતો નથી. સરકારે આ મામલામાં કાર્યવાહીના નામે તપાસ સમિતિનું બહાનું આગળ ધરીને પોતાની નૈતિક જવાબદારીમાંથી હાથ ઊંચા જ કરી દીધા છે.

જય જય ગરવી ગુજરાત...

**જગદીશ ઠાકોર**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**


प्रियतम् सोच रहा हूं न्यूज चैनल ज्वाइन कर लूं! बस! भौंकते रहो! भरपेट 'हड्डी-बोटी' मिलती है!!


बोर्ड मीटिंग
शर्म की बात है..। 60% अभी भी उनके पास है...।


2002
MANN KI BAAT
BBC
©MANJUL.


BBC DOCUMENTARY BLAMES MODI
NDTV
BUY BBC AT ANY COST!" NOWW!!


NOW MY SENTIMENTS ARE HURTING... ACTUALLY!


2002
CREAK
ADANI

# લોકશાહી કે આપખુદશાહી ?

**લોકો રસ્તા પર વિરોધ કરવા ન આવે, લોકજુવાળ સરકાર વિરુદ્ધ ન જાય તે માટે પાણી પહેલાં પાળ સરકાર બાંધી રહી હોય તેવું લાગે છે, ગુજરાત સરકાર દરેક મોરચે નિષ્ફળ ગઈ છે, તેના વિરુદ્ધમાં લોકો આંદોલનો, દેખાવો, પ્રદર્શન ન કરે તે માટે સીઆરપીસીમાં સુધારા કરવામાં આવ્યા હોય તેવું લાગે છે**

**ક્રિમિનલ** પ્રોસિજર કોડની કલમ-૧૪૪નું ઉલ્લંઘન કરીને કોઈ વિરોધ પ્રદર્શન કરે તેમની સામે ફોજદારી કેસ નોંધવાની સુવિધા આપતા ગુજરાતના બિલને રાષ્ટ્રપતિની મંજૂરી ૪, જાન્યુઆરી ૨૦૨૩ના રોજ મળી છે. ક્રિમિનલ પ્રોસિજર કોડ (ગુજરાત સુધારા) બિલ-૨૦૨૧ માર્ચ-૨૦૨૧માં ગુજરાત વિધાનસભાએ મંજૂર કર્યું હતું.

આ બિલથી ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ-૧૯૫માં સુધારો કરવામાં આવ્યો છે. આ બિલ મુજબ ગુજરાત સરકાર પોલીસ કમીશનર,જિલ્લા મેજિસ્ટ્રેટને સીઆરપીસી કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમ કરવાની સત્તા મળે છે. આ પ્રતિબંધિત હુકમનું કોઈ ઉલ્લંઘન કરે તો આઈપીસી કલમ-૧૮૮ હેઠળ (જાહેર સેવકના હુકમનો અનાદર) હેઠળ કોગ્નિઝેબલ ગુનો બનશે, જે માટે વધુમાં વધુ ૬ મહિનાની સજા થશે. કલમ-૧૮૮ મુજબ જો કોઈ વ્યક્તિ સરકાર કે સરકારી અધિકારી દ્વારા આપવામાં આવેલા આદેશનું ઉલ્લંઘન કરે અથવા કાનૂન વ્યવસ્થામાં રોકાયેલી વ્યક્તિને નુકસાન પહોંચાડે તો તેને ઓછામાં ઓછી એક મહિનાની જેલ કે રૂ.૨૦૦નો દંડ અથવા બંને સજા થઈ જશે, પરંતુ જો સરકારના આદેશનું ઉલ્લંઘન કરવાથી માનવજીવન સ્વાસ્થ્ય કે સુરક્ષા વગેરેને ભય હોય તો ઓછામાં ઓછી ૬ મહિનાની જેલ કે રૂ.૧૦૦૦નો દંડ કે બંને સજા થઈ શકે.



(૧) આઈપીસી કલમ-૧૮૮ હેઠળના ગુના કોગ્નિઝેબલ બનાવ્યા છે. અગાઉ તે નોન-કોગ્નિઝેબલ ગુનો હતો. આથી પોલીસને વધુ તાકાત મળશે, જેથી જાહેર વ્યવસ્થા જાળવવા તથા રમખાણો, તોફાનો નિયંત્રિત થઈ શકશે, પરંતુ તેનો અર્થ એવો નથી કે શાંતિપૂર્વક, અહિંસક આંદોલનો સામે પોલીસ કલમ-૧૮૮નો ઉપયોગ કરે. અભિવ્યક્તિનો અધિકાર મૂળભૂત અધિકાર છે, તેને નિયંત્રિત કરતો કોઈ કાયદો સરકાર બનાવી શકે નહીં. બનાવે તો તે ગેરકાયદેસર કરવા કોર્ટમાં ચેલેન્જ થાય.

રાજકીય વિરોધીઓને દબાવવા સરકાર ઈડી, સીબીઆઈ, ઈન્કમટેક્સ, એનએસએ દ્વારા હેરાન કરી શકાય તેવી માનસિકતા મુજબ કલમ-૧૮૮નો દુરુપયોગ થઈ શકે. સત્તાનો દુરુપયોગ કરવો તે સત્તાના ચરિત્ર સાથે વણાઈ ગયું હોય તેમ લાગે છે.

(૨) સરકારના નિર્ણયો, નીતિ સામેના કોઈપણ આંદોલન, દેખાવો, સરઘસ, જાહેરસભાને સત્તાપક્ષ શાંતિભંગ માને તો ? શાંતિપૂર્વક અહિંસક આંદોલન એ લોકશાહીનો પ્રાણ છે. આંદોલન દ્વારા જ લોકમત ઊભો કરી શકાય છે. આંદોલન દ્વારા જ કાળા કાયદા રદ કરી શકાય છે. કોર્પોરેટ કંપનીઓના હિતો માટે સરકારે બનાવેલા ત્રણ કાળા કૃષિ કાનૂન કિસાન આંદોલનના કારણે સરકારે રદ કરવા પડ્યા હતા, પરંતુ સત્તાધારી પક્ષની માનસિકતા એવી હોય છે કે તેને શાંતિપૂર્વક અહિંસક આંદોલન થાય અને તે મોટું સ્વરૂપ ધારણ ન કરી લે તે માટે આંદોલન પહેલેથી જ દબાવવામાં આવે છે. ગુજરાતમાં વિપક્ષના ધારાસભ્યને પોલીસ ટિંગાટોળી કરીને

અટકાયતમાં લે છે. સત્તાધારી પક્ષને કાળાં વાવટાની એલર્જી છે. વિપક્ષના નેતાની, આંદોલનકારીઓની રાત્રે જ અટકાયત કરવામાં આવે છે. આ બધું લોકશાહી પર કારમા ઘા સમાન છે. ગુજરાત પોલીસ એક્ટમાં પૂરતી જોગવાઈ હોવા છતાં ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ-૧૯૫માં સુધારો કરવાની જરૂર કેમ પડી હશે તે વિચારવાનો વિષય છે.

(૩) ગુજરાત પોલીસ એક્ટ-૬૮ મુજબ દરેક વ્યક્તિ પોલીસના હુકમ મુજબ વર્તવા બંધાયેલી છે. જો કોઈ વ્યક્તિ કલમ-૬૮નો ભંગ કરે તો કલમ-૬૯ હેઠળ તેવી વ્યક્તિઓને પોલીસ અટક કરી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરી શકે અથવા પ્રસંગ પૂરો થયા પછી છોડી મૂકે. મોટા ભાગે આંદોલનકારીઓ, દેખાવકારો સામે પોલીસ ૬૮/૬૯ હેઠળ પગલાં લે છે. ઉપરાંત પોલીસ એક્ટ-૩૭, ૩૮, ૩૯માં જાહેર સુલેહ-શાંતિ જાળવવા પોલીસને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. આ સિવાય સીઆરપીસી કલમ-૧૪૪ હેઠળ સરકારને/પોલીસને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.

ગુજરાત પોલીસ એક્ટમાં તથા સીઆરપીસીમાં કાયદો-વ્યવસ્થા અને શાંતિ જાળવવા પૂરતી સત્તા સરકાર પાસે છે જ, છતાં આઈપીસી કલમ-૧૮૮ હેઠળના ગુનાઓને કોગ્નિઝેબલ પોલીસ વિના વોરંટે પકડી શકે તેવી કડક જોગવાઈ કરવાની જરૂર શા માટે પડી હશે ?

(૪) ગુજરાતમાં વિરોધ પક્ષો અને સામાજિક કાર્યકરોને ભય લાગી રહ્યો છે કે આઈપીસી કલમ-૧૮૮ હેઠળ સરકાર ધરણાં, વિરોધ પ્રદર્શનને ડામી દેશે. સજાનો ભય નાગરિકોને ડરાવશે. લોકો સરકાર સામે રેલી કાઢી શકશે નહીં. સરકાર વિરોધના અવાજને દબાવી શકશે. લોકો સરકારની ક્ષતિઓને ઉજાગર કરી શકશે નહીં, શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરી શકશે નહીં. ૨૦૧૪ બાદ દેશમાં વડા પ્રધાનની સભામાં કોઈ વ્યક્તિ કાળાં રંગના કપડાં પહેરીને જઈ શકતી નથી.

(૫) સીઆરપીસી કલમ-૧૪૪ હેઠળ પોલીસ કમિશનર અને જિલ્લા મેજિસ્ટ્રેટને પ્રતિબંધિત હુકમો કરવાની સત્તા છે. સીઆરપીસી-૧૯૫ મુજબ પ્રતિબંધિત હુકમ જારી કરનાર અધિકારીને ફરિયાદી બનવું પડે છે. આઈપીસી કલમ-૧૭૨ અને ૧૮૮ અંતર્ગત જે કેસ થાય તેમાં કોર્ટ કોગ્નિઝેબલ ન લઈ શકે, કેમ કે સીઆરપીસી-૧૯૫ મુજબ જે અધિકારીએ ઓર્ડર બહાર પાડ્યો હોય તેમણે આ અંગે ફરિયાદ કરેલી હોવી જોઈએ, પરંતુ સુધારા બાદ સ્થળ પર હાજર પોલીસ અધિકારી આઈપીસી કલમ-૧૭૪-એ અને ૧૮૮ મુજબ કેસ નોંધી શકે છે. દિવસે ને દિવસે લોકોના વિરોધ કરવા માટેની જગ્યા ઓછી થતી જાય છે.

સીઆરપીસી કલમ-૧૪૪ લોકશાહી વિરોધી છે. પોલીસની પરમિશન સિવાય વિરોધનો કોઈ કાર્યક્રમ જાહેરમાં કે હોલમાં ન થઈ શકે. આ સુધારાની અસર માત્ર રાજકીય પક્ષો પર પડશે તેવું નથી. સરકાર સામે પોતાની માગણી રજૂ કરવા પ્રદર્શન યોજનાર દરેક વ્યક્તિ/સંગઠનો/મજદૂર યુનિયનોને આની અસર થશે.

(૬) આ સુધારાથી લોકોને સીધાદોર કરવા સરકારે પોલીસને વધુ સત્તા આપી છે. સરવાળે કેસો વધશે, તેનું ભારણ કોર્ટો સહન કરી શકશે કે કેમ તે મોટો સવાલ છે. આ અંગે સરકારનું કોઈ પ્લાનિંગ નથી. સરકારનો ઈરાદો લોકશાહી અને નાગરિક અધિકાર વિરુદ્ધનો છે. પ્રતિબંધિત હુકમ કરનાર પોલીસ કમિશનર કે જિલ્લા મેજિસ્ટ્રેટને જ ફરિયાદી બનવું પડે તે સ્થિતિ ટાળવા જ સુધારો કર્યો હોય તો ચિંતા કરવા જેવું નથી, પરંતુ આ સુધારા પહેલાં પણ સત્તાપક્ષે વિરોધી અવાજને કચડી નાંખવા અનેક પ્રયાસો કર્યા છે, તેનો લોકોને કડવો અનુભવ છે. સરકારના અધિકારોમાં વધારો થાય અને નાગરિકોના અધિકારોમાં ઘટાડો થાય તે સ્થિતિ લોકશાહીનાં સ્વાંગમાં આપખુદશાહીનો વિકાસ સૂચવે છે.

સરકાર સામે ઘણાં પ્રશ્નો છે. લોકોનો અસંતોષ બહાર ન આવે, લોકો રસ્તા પર વિરોધ કરવા ન આવે, લોકજુવાળ સરકાર વિરુદ્ધ ન જાય તે માટે પાણી પહેલાં પાળ સરકાર બાંધી રહી હોય તેવું લાગે છે. ગુજરાત સરકાર દરેક મોરચે નિષ્ફળ ગઈ છે. તેના વિરુદ્ધમાં લોકો આંદોલનો, દેખાવો, પ્રદર્શન ન કરે તે માટે સીઆરપીસીમાં સુધારા કરવામાં આવ્યા હોય તેવું લાગે છે.

### ગુજરાતમાં આંદોલનોનો ડર શા માટે ?

આઝાદી સમયે સ્વરાજ્ય સાથે સુરાજ્ય સ્થપાશે તેવી સૌને અપેક્ષા હતી. હજાર વર્ષ ગુલામી અને શોષણના કારણના કારણે જે કંગાલિયત, બીમારી, નિરક્ષરતા અને પછાતપણું હતું તેમાંથી ૭૫ વર્ષમાં દેશે નોંધપાત્ર વિકાસ કર્યો છે. કોઈ પણ શાસક માટે સુશાસન આપવું એ પડકાર છે. સરકાર દ્વારા વિકાસનાં અને લોકકલ્યાણનાં કાર્યોને પ્રાધાન્ય મળતું રહે તેવી

લોકોને અપેક્ષા હોય છે. ગુજરાત તેના સ્થાપનાકાળથી અન્ય રાજ્યોની તુલનામાં પ્રગતિશીલ રહ્યું છે. કૃષિ, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવીને ગુજરાતે એક મોડલ પૂરું પાડ્યું છે.

લોકોને સરકાર પાસે સૌથી પ્રથમ અપેક્ષા સલામતીની, કાયદો વ્યવસ્થાની, સ્થિતિ નિયંત્રણમાં રહે તેવી હોય છે. પોલીસતંત્ર લોકોના સાચા અર્થમાં રક્ષક બને તે માટે વિશેષ તાલીમની, પ્રજા સાથે સંપર્ક, સંવાદ અને સંવેદનાથી વિશ્વાસ પેદા કરવાની અને પોલીસ સ્ટેશનોને ‘વહીવટદારો’ની નાગચૂડમાંથી મુક્ત કરી શકાય તો પ્રજા નિશ્ચિંત બની જીવી શકશે. સ્થાનિક કક્ષાએ અમુક સામાજિક તત્ત્વોની દાદાગીરી અને લુખ્ખાગીરીને ડામવાની તાતી જરૂરિયાત છે. ખાનગી ધિરાણ દ્વારા દેવાદાર પરિવારોનું શોષણ એટલી હદે થાય છે કે દેવાદાર વ્યક્તિ કે પરિવાર સામૂહિક રીતે આત્મહત્યા કરે છે. ખનીજચોરી, વાહન વ્યવહારમાં જોહુકમી, ગેરકાયદે દારૂનો વેપાર અને જમીન પડાવી લેવાના કિસ્સાઓ અંગે વર્તમાનપત્રોમાં દરરોજ કોઇકને કોઇક સમાચાર હોય છે. હમણાં હમણાં નશાયુક્ત પદાર્થોનું, ડ્રગ્સનું દૂષણ પણ ચિંતાજનક વધ્યું છે.

ગરીબી અને બેરોજગારીમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવી અપેક્ષા સૌના મનમાં હોય તે સ્વાભાવિક છે. ગુજરાતમાં કુપોષણની સમસ્યા પણ અગ્રતાના ધોરણે કાયમી રીતે ઉકેલવાની જરૂર છે. આદિજાતિમાં સિકલ સેલનો પ્રશ્ન, બહેનોમાં લોહતત્ત્વની ઉણપ, થેલિસિમિયાના કેસોની સંખ્યા, કેન્સર, કિડની અને કાર્ડિયાક રોગોનું પ્રમાણ, કાયમી બીમારી અને ડાયાબિટીસના રોગના કેસ રાજ્યમાં દિન-પ્રતિદિન વધતા જાય છે, તેમને પૂરતી સારવાર મળતી નથી. ‘રોટી’ સાથે પોષણ અને આરોગ્યના પ્રશ્નોના વિચાર કરીએ તો તે ઉકેલવા માટે કોઈ સર્વગ્રાહી યોજના બનાવી તેનો ચુસ્ત અમલ કરી શકાય તેવી કોઈ સૂઝ નથી.

રાજ્યમાં કપડાંની ઉપલબ્ધિ હોવા છતાં લોકોના ખિસ્સામાં તે ખરીદવાના પૈસા નથી. મકાન ખરીદવા માટે તેની ખૂબ ઊંચી અને મોટા ભાગના લોકોને પરવડી ન શકે તેવી કિંમતનો છે. જમીન અંગે નવી શરત-જૂની શરત, બિન ખેતી, ટાઉન પ્લાનિંગને કારણે લોકોને ઘણી મુશ્કેલીઓ વહોરવી પડે છે. વિકાસની સાથે વીજળી, રસ્તા અને પાણીની સુવિધાઓ સૌને મળે તે જરૂરી છે. અગાઉ ગુજરાતના રસ્તાઓથી સૌ પ્રભાવિત થતા હતા, પરંતુ છેલ્લાં થોડાંક વર્ષોથી શહેરોના રસ્તાઓની હાલત બગડી છે. નેશનલ હાઈવેની જાળવણીમાં તેનું સત્તામંડળ ખૂબ ઊણું ઉતર્યું છે.

વર્તમાન યુગમાં દરેક નાગરિકને અદ્યતન આરોગ્ય સેવાઓની સુવિધા અને સારું શિક્ષણ મળે તેમાં લોકોની અપેક્ષા સસ્તું અને સારું આરોગ્ય-શિક્ષણ મળે તેવી હોય છે. આ બંને આવશ્યક સેવાઓમાં ખાસ કરીને ખાનગી ક્ષેત્રમાં ખૂબ તગડી ફી વસુલાય છે. શિક્ષણમાં બાલમંદિર હોય કે ઉચ્ચ શિક્ષણ, આપણે ફીની રકમ સાંભળીએ તો આપણી આંખો આશ્ચર્ય સાથે મોટી થઈ જાય છે. જો સરકારી શાળાઓમાં નોંધપાત્ર સુધારો થાય તો જ બાળકોને સારું શિક્ષણ મળી શકે. સરકારી શાળામાં ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય તો જ ભાવિ પેઢીમાં સમાનતા શક્ય બનશે.

આજે સરકાર સૌ કોઈ પાસેથી કર વસૂલે છે, પણ સરકારી નાણું એક યા બીજા બહાને થોડા માલેતુજાર લોકો પાસે પહોંચી જાય છે. છેવાડાના માનવીની સુખાકારીને સર્વોચ્ચ અગ્રતા મળશે તો સૌ રૂડાંવાનાં થઈ રહેશે, તેમાં શંકા કરવાનું કોઈ કારણ નથી. સર્વોદય, અંત્યોદય, વિકાસલક્ષી અને કલ્યાણકારી યોજનાઓનો અત્યારે સંપૂર્ણ અભાવ દેખાય છે.

ગુજરાતની પ્રજા સુખી નથી. ધાર્મિક ભાવનાઓ ભડકાવી મત મેળવવા એ એક બાબત છે અને લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવું તે બીજી બાબત છે. લોકોમાં અસંતોષનો ચરૂ ઉકળે તે પહેલાં આંદોલનો, દેખાવો, ધરણાં, જાહેરસભાઓ, પ્રદર્શનો, વિરોધના કાર્યક્રમો ન થાય તે માટે આ કાયદો અમલમાં લાવવો તે ઘણું સૂચક છે.

બંધારણે દરેક નાગરિકને છ પ્રકારની સ્વતંત્રતા આપી છે. તેમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, શાંતિથી અને શસ્ત્રો વિના એકત્ર થઈને સભા કરવાની, મંડળો કે યુનિયન રચવાની, ભારતના કોઇ પણ પ્રદેશમાં ગમે ત્યાં મુક્તપણે હરવા-ફરવાની અને સ્થાયી થવાની તેમજ ગમે તે વ્યવસાય, કામકાજ, વેપાર કે ધંધો કરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે. ભારતનો નાગરિક પોતાના વિચારોને વાણી અને વર્તન દ્વારા લેખિત, મૌખિક કે અભિનય દ્વારા વ્યક્ત કરી શકે છે. જો કે તે સાથે જ કોઇને અમર્યાદિત કે નિરંકુશ રીતે વર્તવાની છૂટ નથી. સુલેહ અને સલામતી જોખમાય તેવા કિસ્સામાં રાજ્ય નિયંત્રણ કરી શકે છે. ■

# ગુજરાતનાં એક પ્રધાન જેમણે બીડીની દુકાનનું ઉદ્‍ઘાટન કર્યું

## આજના દંભી રાજકારણીઓને જોઇએ છીએ ત્યારે ઠાકોરભાઈ જેવા નિર્ભિક, પ્રામાણિક અને પારદર્શક નેતાઓ ક્યાંય દૂર દૂર સુધી દેખાતાં હોય તેવું ભાસતું નથી

**''હું** વિધાનસભામાં માત્ર સભ્ય તરીકે બેઠો હોઉં એ જ પૂરતું છે, બધા મને પસંદ કરે તો પણ મને મુખ્યપ્રધાન બનાવવા જેવું કામ કરવા જેવું નથી,'' કહેનારા ઠાકોરભાઈ દેસાઈ કોંગ્રેસના એક આખાબોલા પ્રમુખ અને મોરારજીભાઈ દેસાઇના ચુસ્ત સમર્થક હતા. મોરારજીભાઈ અને ઇન્દિરા ગાંધી વચ્ચેના મતભેદો પરાકાષ્ઠાએ પહોંચ્યા ત્યારે ઠાકોરભાઇએ કોંગ્રેસ ભવનમાં પ્રવચન કરતાં જાહેરમાં કહ્યું હતું, ''ઇન્દિરા ગાંધીને વડા પ્રધાન પદની ખુરશી પરથી ઉઠાડી મૂકો. જેમને કોંગ્રેસમાં વિશ્વાસ ના હોય તેઓ કોંગ્રેસ છોડી જાય.'' ઇન્દિરાબેન સામે આવા ઉચ્ચારણો કરવાની અને તે પણ કોંગ્રેસના મુખ્યમથક એવા કોંગ્રેસ ભવનમાં આવું ચોખ્ખું ચટ્ટ કહેવાની કોઈની હિંમત નહોતી.



આ ઠાકોરભાઈ હિતેન્દ્રભાઈ દેસાઈના મંત્રીમંડળમાં ૧૯૬૭માં પંચાયત, સહકાર, ખેતી ખાતાના પ્રધાન બન્યા અને મંત્રી તરીકેના વેતનનો પહેલો ચેક તેમને મળ્યો. તેમના અંગત મદદનીશ છોટુભાઇએ ઠાકોરભાઈના પુત્ર જીતેન્દ્ર દેસાઇને પૂછ્યું, ''સાહેબનું ખાતું કઈ બેન્કમાં છે ?'' ત્યારે જીતેન્દ્ર દેસાઇનો જવાબ હતો, ''પિતાજીના નામનું કોઇ બેન્ક એકાઉન્ટ છે જ નહીં.'' તે પછી આશ્રમ રોડની સેન્ટ્રલ બેન્કમાં તેમનું ખાતું ખોલવામાં આવ્યું. ૧૯૭૧માં તેમનું અવસાન થયું ત્યારે તેમાં નજીવું બેલેન્સ હતું.

આ ઠાકોરભાઈ ચા અને બીડીના શોખીન હતા. આ સંદર્ભે એક રમૂજપ્રેરક પ્રસંગ જાણવા જેવો છે.

ઠાકોરભાઈ લાંબા પ્રવાસેથી આવે તો'ય ચા પીને ઘસઘસાટ ઊંઘી જતા. કોઇને ત્યાં જાય અને યજમાન ચાની ઓફર કરે તો ઠાકોરભાઈ ભાગ્યે જ નકારતા. એ જ રીતે બીડી પીવાના પણ શોખીન. ઘરમાં ગમે તેટલો કકળાટ થાય તો પણ તે બીડી છોડી શકે તેમ નહોતા. છેવટે બાથરૂમમાં જઇને બીડી પીતા, પણ બીડી તો પીતા જ. પોતાની પાસે બીડી ના હોય તો કોઈ કાર્યકરની પાસે માગીને પણ પીતા.

નવસારીમાં કેટલાંક બીડીના કારીગરોએ સંયુક્ત ધોરણે બીડીનું ઉત્પાદન શરૂ કર્યું અને ઉત્પાદન જાતે જ વેચવાનું નક્કી કરી દુકાન રાખી. આ દુકાનના ઉદ્‍ઘાટન માટે કોને બોલાવવા ? કારણ કે, બીડીનું દુકાનનું ઉદ્‍ઘાટન કરનાર બીડીની લિજ્જત માણનારી વ્યક્તિ જ જોઇએ. બધાની નજર ઠાકોરભાઈ દેસાઈ પર ઠરી. આ બધા એકત્ર થઈ ઠાકોરભાઈ પાસે ગયા અને પોતાના આ સાહસનું ઉદ્‍ઘાટન કરવા વિનંતી કરી. જરા પણ સંકોચ રાખ્યા વગર ઠાકોરભાઈએ હા પાડી.

આમ, નવસારીમાં એક બીડીની દુકાનનું ઉદ્ઘાટન રાજ્ય સરકારના પંચાયત, સહકાર અને ખેતી ખાતાના પ્રધાન દ્વારા થયું. ઠાકોરભાઈ જ્યારે આ ઉદ્ઘાટન કરી ઘેર પાછા આવ્યા ત્યારે તેમની પાસે ભેટમાં મળેલ બીડીઓની ૫૦ ઝૂડી હતી. આજના દંભી રાજકારણીઓને જોઈએ છે ત્યારે ઠાકોરભાઈ જેવા નિર્ભિક, પ્રામાણિક અને પારદર્શક નેતાઓ ક્યાંય દૂર દૂર સુધી દેખાતાં હોય તેવું ભાસતું નથી.

**કાયદો કાયદાનું કામ કરશે : જયનારાયણ વ્યાસ**

સુરેશભાઈ મહેતા પ્રધાનમંડળમાં જશપાલસિંહ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રાજ્યકક્ષાનાં પ્રધાનનો સ્વતંત્ર હવાલો ભોગવતા હતા, મૂળ પોલીસ ઓફિસર. ખાતું હાથમાં આવતા જ તેમણે દંડો ચલાવ્યો. પ્રીવેન્શન ઓફ બ્લેક માર્કેટિંગ (પીબીએમ)ના કાયદા હેઠળ ધડાધડ કેસ થવા માંડ્યા. પેટ્રોલપંપ પર તો રીતસરની ઘોંસ બોલાવી. આજ દશા કેરોસીન વિક્રેતાઓ અને સસ્તા અનાજની દુકાનોની હતી. મુખ્યપ્રધાન પાસે જુદાં જુદાં વિભાગોમાંથી જથ્થાબંધ ફરિયાદો જવા માંડી. એમણે એમની રીતે જશપાલસિંહને સંયમ વરતવા કહ્યું પણ હશે, પણ કોઈ પરિણામ આવતું નહોતું, વેપારી વર્ગમાં આક્રોશ હતો.

એક દિવસ સુરેશભાઈએ મને બોલાવ્યો. કહ્યું, ‘‘જયનારાયણભાઈ, તમારે એક પ્રશ્નનો ઉકેલ લાવવા માટે મારી મદદ કરવાની છે. અન્ન અને નાગરિક પુરવઠો

## વહીવટી તંત્ર પળોટાયેલા ઘોડા જેવું છે- એના અસવારમાં કાબેલિયત જોઇએ

ડૉ.જીવરાજભાઈ મહેતા, મુંબઈ રાજ્યના યશવંતરાવ ચવ્હાણ પ્રધાનમંડળમાં બાંધકામ ખાતાના પ્રધાન હતા. તેમના ધ્યાન પર આવ્યું કે, રસ્તાઓ અંગેના ગુજરાતના પ્લાનમાં ઘટાડો કરવામાં આવ્યો છે, તેથી યશવંતરાવે બોલાવેલ પ્રધાનમંડળની મીટિંગમાં તેઓ ગેરહાજર રહ્યા. આને કારણે ઘણો ઊહાપોહ મચી ગયો, પછી તેની તપાસ થઈ ત્યાં સુધી જીવરાજભાઈ ચૂપચાપ બેસી રહે એવું બને ખરું ? પોતાના મુદ્દા પર અડગ રહ્યા.

યશવંતરાવે આ બાબત વાસ્તવિક હકીકત શું છે તેની તપાસ કરી એક નોંધ તૈયાર કરવા માટે સૂચના આપી. આ નોંધમાં વિગતવાર જે કાપ મૂકવામાં આવ્યો છે તે કુલ કેટલો છે, આને કારણે ગુજરાતમાં રસ્તાઓના કામમાં ફાળવવાની રકમમાં કેટલો ઘટાડો થશે, તે જ રીતે મહારાષ્ટ્રમાં આ પ્રકારના વલણના કારણે શું સ્થિતિ હશે તે અંગેની વિગતો પણ આમેજ કરવાની હતી. આ વિગતો તૈયાર થઈ ત્યારે એવી હકીકતો બહાર આવી કે દ્વિભાષી મુંબઈ રાજ્યના ગુજરાત તરીકે જાણીતા પ્રદેશ તેમજ મહારાષ્ટ્ર તરીકે જાણીતા પ્રદેશ બંને માટેના પ્લાનમાં કાપ મૂકવામાં આવ્યો છે. આ કાપ નાણાભીડના કારણે મૂકવામાં આવ્યો છે અને અગાઉ નક્કી થયેલ રકમમાં જે જોગવાઈ હતી તેમાંથી કાપની રકમ બંને પ્રદેશોમાં ટકાવારીની દૃષ્ટિએ સરખી રહે તે રીતે મૂકવામાં આવી છે. આમ, જીવરાજભાઈએ જ્યાં સુધી પોતાને સંતોષ ના થયો ત્યાં સુધી પ્રશ્ન પડતો ના મૂક્યો. જીવરાજભાઈ માટે એવું કહેવાય છે કે, મોટા મોટા આઈસીએસ અમલદારો પણ તેમને મળવા જાય ત્યો તેઓ ક્યાં પ્રશ્ન પૂછશે એની માનસિક કવાયત કરી આગોતરી તૈયારી બાદ જ તેમને મળવા જાય.

લોકશાહી વ્યવસ્થામાં પ્રધાન તરીકે પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ જ રાજ્ય ચલાવે એ જ સદંતર યોગ્ય છે પણ સાથો સાથ એ પ્રધાને જેની પાસેથી કામ લેવાનું છે તે આઈસીએસ (હવે આઈએએસ) કે પછી આઈપીએસ તો ખૂબ કઠિન, સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને આવે ત્યાર બાદ એને લાલબહાદુર શાસ્ત્રી એકેડેમી ખાતે તાલીમ આપવામાં આવે છે. એની સેવાઓ જૂદાં જૂદાં વિભાગો હસ્તક મૂકી એને એક સર્વસમાવેશક અનુભવ મળી રહે અને એ રીતે જ્યારે તે સચિવ કક્ષાએ પહોંચે ત્યારે પૂરતું જ્ઞાન અને કાબેલિયત ધરાવતો બની જાય છે.

આમ, એક પળોટાયેલાં ઘોડા જેવી સક્ષમતા એ ધરાવે છે. પ્રધાન એ આવા ઘોડા પર બેસનાર અસવાર છે અને એટલે એને ઘોડેસવારે એટલે કે વહીવટનું બરાબર જ્ઞાન ના હોય તો અધિકારી પાસેથી એ પ્રજાહિતમાં હોય તેવા કામો કરાવી શકે નહીં. જીવરાજભાઈ એનું આદર્શ ઉદાહરણ હતા. (સંદર્ભ : ખુલ્લી કિતાબ, મણિભાઈ શાહ)

તેમજ તોલમાપ વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા જશપાલસિંહની કડકાઈથી વેપારીઓ ત્રાસી ગયા છે. મારો વિચાર તમને કેબિનેટ મિનિસ્ટર તરીકે આ ખાતાનો વધારાનો હવાલો આપવાનો છે.''

મેં કહ્યું, ''આપ કહેશો તો મારાથી બનતો પ્રયત્ન કરી પરિસ્થિતિ સુધારી આપનો બોજો હળવો કરવાનો પ્રયત્ન કરીશ, પણ જશપાલસિંહ મારા મિત્ર છે, એમને ખરાબ ન લાગે તો રીતે ધીરે ધીરે કામ ગોઠવીશું. એ પછી આ વિભાગનો સ્વતંત્ર હવાલો જશપાલસિંહ પાસેથી પરત લઈ મુખ્યપ્રધાને કેબિનેટ મિનિસ્ટર તરીકે મને આપ્યો અને જશપાલસિંહને મારા હાથ નીચે મૂક્યા.

ચાર્જ સંભાળ્યા પછી મેં જશપાલસિંહને બોલાવ્યા અને સમજાવ્યું કે મુખ્યપ્રધાન થોડાં ચિંતિત એટલા માટે

**મારા વર્તન બદલ મારું રાજીનામું માગી લેવામાં આવ્યું હતું, મારે પણ જો સમાધાનનો રસ્તો અપનાવવો હોત તો કોઇકને વચ્ચે રાખીને અપનાવી શક્યો હોત, પણ સ્વમાનના ભોગે સ્વર્ગ મળે તો તે પણ મને મંજૂર નહોતું**

છે કે, મહારાષ્ટ્ર જેવા મોટા રાજ્યમાં વરસેદહાડે માંડ આંગળીના વેઢે ગણાય તેટલા પીબીએમ ના કેસ થાય છે. ગુજરાતમાં પણ આજ સ્થિતિ હતી, પણ આપે હવાલો સંભાળ્યા પછી મહારાષ્ટ્રમાં જેટલા કેસ એક વરસમાં નથી થતા તે ગુજરાતમાં એક અઠવાડિયામાં થવા માંડ્યા છે. ખોટું કરતું હોય તેને પકડાય એનો વાંધો નહીં, પણ આપણે આપણી પ્રજા સરવાળે બેઈમાન છે અને ચોરી કરે છે એવી આ ઝુંબેશના ભાગરૂપે છાપ ઊભી કરી તો 'મહાજન' અને 'વેપારી' તરીકે પ્રખ્યાત એવા ગુજરાતીને 'કાળાબજારિયા'ની છાપ મારે તે યોગ્ય નથી. આ સમજાવટ બાદ મેં ખાતાને પણ સૂચના આપી કે હવે મારી પાસે મંજૂરી સિવાય આવી કોઈ જ કાર્યવાહી કરવી નહીં.

બીજે દિવસે પત્રકારોએ આ અંગે સીધો પ્રશ્ન પૂછ્યો, ''જશપાલસિંહ કાળાબજારીયાઓ સામે અને ભેળસેળીયાઓ સામે જે કડકાઈથી કાર્યવાહી કરતા હતા તે સંદર્ભમાં તમારી નીતિ શું રહેશે ?'' સહસા જ મને સૂઝ્યો તે જવાબ હતો, 'કાયદો કાયદાનું કામ કરશે.'

બીજે દિવસે લગભગ બધા જ છાપામાં હેડલાઇન હતી, ''કાયદો કાયદાનું કામ કરશે- નાગરિક પુરવઠા પ્રધાન જયનારાયણ વ્યાસ.''

વેપારીઓની ખોટી હેરાનગતિની ફરિયાદો પણ મટી અને કડકાઈ વરતીને કાળાબજારીયાને પણ સંદેશો આપ્યો કે સરકાર આ બાબતમાં ભીનું સંકેલી લેવાના મૂડમાં નથી, તેમણે પણ સુધરવુ જ પડશે.

### 'તો હું જુઠ્ઠો છું ?' : કેશુભાઈ



મારે કેશુભાઈની સાથે એક વિવાદ થયો એનું કારણ મોટી સિંચાઈ યોજના દ્વારા અપાતા પાણીનાં દર એકાએક વધારી દેવાયા અને એ જાહેરાત મેં છાપામાં વાંચી. યોગાનુયોગ તે દિવસે કેબિનેટ મિટિંગ હતી અને આ સંદર્ભે મેં કેશુભાઈને કહ્યું, ''સાહેબ, મારા ખાતાને લગતા આ સમાચાર છે, મને છાપામાંથી જાણ થાય એ આપને યોગ્ય લાગે છે ?''

કેશુભાઈએ પોતાના બચાવમાં કહ્યું, ''આ વાતની ચર્ચા તમારી સાથે થઈ હતી.'' ત્યારે મારો જવાબ હતો, ''છેલ્લા ત્રણ દિવસથી નર્મદા સંદર્ભે પુનર્વસન તેમજ કેટલીક બાબતોને લઇને હું પ્રવાસમાં હતો. આપ કહો છો કે મારી સાથે આપને ચર્ચા થઈ હતી એ વાત સાચી નથી.''

મારા શબ્દોને એમણે તોડી-મરોડી સામો પ્રશ્ન કર્યો, ''તો શું હું જુઠ્ઠો છું ?''

આ 'જુઠ્ઠો છું' શબ્દ એમનો હતો, મારો નહીં. મેં ઘણી ડિબેટમાં ભાગ લીધો છે, પણ એક શબ્દ ખોટો મારા મોઢામાં ક્યારેય આવ્યો નથી એટલી 'મા સરસ્વતી'ની મારા પર કૃપા રહી છે. મુખ્ય પ્રધાનના પદની ગરિમા ચૂકીને હું કોઈ વાત કરું એ ક્યારેય શક્ય ના બની શકે, પણ કેશુભાઈએ જે આક્રોશથી મને સામો પ્રશ્ન કર્યો, 'તો શું હું જુઠ્ઠો છું ?' તેની સાથે જાણે અગાઉથી જ નક્કી હોય તેમ વજુભાઈ વાળા, આનંદીબેન પટેલ, નીતિનભાઈ પટેલ વગેરે મારા પર રીતસરના તૂટી પડ્યા. મેં એમને વિનમ્રતાથી સમજાવ્યું કે, ''આપ માનો છો, તેવું મેં કાંઈ જ નથી કહ્યું અને આમ છતાં માનનીય મુખ્ય પ્રધાનશ્રીની લાગણી દુભાઈ હોય તો હું દિલગીરી વ્યક્ત કરું છું. કેશુભાઈ મારા પણ મુરબ્બી છે અને મુખ્યપ્રધાન હોય કે ના હોય પણ એ મારા માટે આદરને પાત્ર છે.''

વાત થાળે પડી. કેબિનેટ મિટિંગ પૂર્ણ થઈ. હું મારી ઓફિસમાં ગયો, હું માનતો હતો કે ઈસ્યૂ પતી ગયો છે. હું મારું ટિફિન ખોલી જમવા બેઠો. બરાબર ત્યારે જ દિલ્હીથી એક મિત્રનો ફોન આવ્યો કે, ''તમને પ્રધાનમંડળમાંથી પડતા મૂકવાના છે, તમારું રાજીનામું માંગી લેવાશે.''

પાછળથી મને ખબર પડી કે, આ આખીયે ઘટના બાદ સુરેશભાઈને ત્યાં બધાં ભેગાં થયા હતા અને કાવતરું ઘડાયું હતું. હું જમીને હાથ ધોતો હતો ત્યાં કેશુભાઈ પટેલનો પત્ર મળ્યો. મારા વર્તન બદલ મારું રાજીનામું માગી લેવામાં આવ્યું હતું. મારે પણ જો સમાધાનનો રસ્તો અપનાવવો હોત તો કોઈકને વચ્ચે રાખીને અપનાવી શક્યો હોત, પણ સ્વમાનના ભોગે સ્વર્ગ મળે તો તે પણ મને મંજૂર નહોતું. સરવાળે તેમનું આયોજન હતું તે મુજબ મારો ભોગ લેવાઈ ગયો હતો. ■

(સંદર્ભ : ગુજરાતની અસ્મિતા, દેવેન્દ્ર પટેલ)









# ભાજપનાં રાજમાં ગુજરાતમાં દરરોજ નવ દૈનિક રોજમદાર મજૂરોની આત્મહત્યા



**૨૦૧૭માં આત્મહત્યા કરીને મોતને ભેટનારાં દૈનિક રોજમદાર મજૂરોની સંખ્યા ૨,૧૩૧ હતી એટલે કે દરરોજ છ મજૂરો આત્મહત્યા કરીને મોતને ભેટતાં હતા, ત્યારબાદ આ આંકડો વધીને ૨૦૧૮માં ૨,૫૨૨ થયો હતો, જેમાં એક જ વર્ષમાં ૧૮.૩૪ ટકાનો જંગી વધારો આવ્યો હતો**

**એકબાજુ** ભાજપ વિકસિત ગુજરાત અને ગુજરાતના વિકાસ મોડલની ગુલબાંગો પોકારી રહ્યો છે, તો બીજી બાજુ એક ચોંકાવનારી હકીકત એ પણ સામે આવી છે કે આ વિકસિત ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં દૈનિક રોજમદાર મજૂરોની આત્મહત્યામાં ૫૦.૪૪ ટકાનો જંગી વધારો થયો છે. આમ ગુજરાતમાં દરરોજ નવ દૈનિક રોજમદાર મજૂરો આત્મહત્યા કરીને મોતને વહાલું કરે છે. આ સત્તાવાર, પરંતુ શરમજનક આંકડા કેન્દ્રની ભાજપ સરકારનાં જ ગૃહવિભાગે રાજ્યસભામાં રજૂ કર્યાં છે. એક પ્રશ્નનાં ઉત્તરમાં રાજ્યકક્ષાના કેન્દ્રીય ગૃહ પ્રધાન નિત્યાનંદ રાયે રાજ્યસભામાં રજૂ કરેલા આંકડા અનુસાર આ સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

૨૦૧૭માં આત્મહત્યા કરીને મોતને ભેટનારા દૈનિક રોજમદાર મજૂરોની સંખ્યા ૨,૧૩૧ હતી એટલે કે દરરોજ છ મજૂરો આત્મહત્યા કરીને મોતને ભેટતાં હતા. ત્યારબાદ આ આંકડો વધીને ૨૦૧૮માં ૨,૫૨૨ થયો હતો, જેમાં એક જ વર્ષમાં ૧૮.૩૪ ટકાનો જંગી વધારો આવ્યો હતો. રાજ્યસભામાં રજૂ કરાયેલા આંકડા અનુસાર ૨૦૧૯માં ૨,૬૪૯, ૨૦૨૦માં ૨,૭૫૪ અને ૨૦૨૧માં ૩,૨૦૬ દૈનિક રોજમદાર મજૂરોએ આત્મહત્યા કરી હતી.

અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, ગુજરાતમાં મજૂરોનાં દૈનિક મજૂરીના સાવ ઓછા અને નીચા દરો

મજૂરોની આત્મહત્યામાં વધતા પ્રમાણ માટે જવાબદાર છે. આમ દૈનિક મજૂરીનાં ઓછા દરોનાં કારણે કાળઝાળ મોંઘવારી અને ફુગાવાના સમયમાં તેઓ જીવનનિર્વાહ ચલાવીને જીવીત રહેવા માટે સક્ષમ અને સમર્થ નથી.

અર્થશાસ્ત્રી ઈન્દિરા હિરવેએ જણાવ્યું હતું કે, ''ગુજરાતમાં મજૂરો અને કામદારોનો સરેરાશ દૈનિક મજૂરી દર ભારતમાં સૌથી ઓછો છે. ગુજરાતમાં દૈનિક રોજમદાર મજૂરો માટેનો વેતન દર માત્ર રૂ.૨૯૫.૯ છે. જ્યારે તેની સામે કેરળમાં આ દર રૂ.૮૩૭.૭, તામિલનાડુમાં રૂ.૪૭૮.૬, જમ્મુ-કાશ્મીરમાં રૂ.૫૧૯, હિમાચલ પ્રદેશમાં રૂ.૪૬૨, બિહારમાં રૂ.૩૨૮.૩ અને ઓડિશામાં રૂ.૩૧૩.૮૧ છે, એ જ રીતે મહારાષ્ટ્ર, કર્ણાટક, પંજાબ, હરિયાણા અને અન્ય મોટા ભાગના રાજ્યોની તુલનાએ કુલ મજૂરોમાં અનૌપચારિક અસંગઠિત મજૂરોનો હિસ્સો પણ ઘણો વધુ છે.

**પાંચ વર્ષમાં ગુજરાતમાં દૈનિક રોજમદાર મજૂરોની આત્મહત્યાનો દર ૫૦ ટકા સુધી વધ્યો આ શરમજનક આંકડા કેન્દ્રીય ગૃહ વિભાગે રાજ્યસભામાં રજૂ કર્યા**

અર્થશાસ્ત્રી ઈન્દિરા હિરવેના જણાવ્યાનુસાર, ''આનો અર્થ એ થયો કે, ગુજરાતમાં મજૂરો-કામદારો મોટા ભાગનાં અન્ય રાજ્યોના મજૂરો-કામદારો કરતાં ઓછા સુરક્ષિત છે. દરમિયાન યોગાનુયોગ સરકારે તાજેતરમાં જ આર્થિક રીતે નબળા વર્ગ-ગરીબ લોકો (ઇડબ્લ્યુએસ) ગરીબી રેખા માટે રૂપિયા આઠ લાખની વાર્ષિક આવક નિર્ધારીત કરી છે. આ દર પર ગુજરાતમાં તમામ અકુશળ અને અર્ધ-કુશળ મજૂરો-કામદારો ગરીબ છે અને સરકારનાં પોતાનાં ધોરણો દ્વારા નિર્ધારિત ગરીબી રેખાથી ઘણાં નીચે જીવી રહ્યાં છે.

બાંધકામ મજૂર સંઘના મહામંત્રી વિપુલ પંડ્યાએ જણાવ્યું હતું કે, બેરોજગારી, ઓછા વેતન અને સામાજિક સુરક્ષાનો અભાવ જેવા પરીબળો મજૂરો આત્મહત્યા તરફ ધકેલી રહ્યાં છે. જે લોકોને ગુજરાતમાં રોજગાર મળે છે તેમને ગુણવત્તાયુક્ત રોજગાર મળતા નથી અને બીજા મજૂરોને નિયમિત કામ મળતું નથી. ગુજરાતમાં ૮૫ ટકા મજૂરો-કામદારો અસંગઠિત ક્ષેત્રમાં છે, પરંતુ તેમને બધાને કાયમી કામ મળતું નથી. કોવિડના સમય દરમિયાન સરકારે મજૂરોને રૂ.૧૦૦૦ આપવાની જાહેરાત કરી હતી અને તેમને આ નાણાં કલ્યાણ-ભંડોળમાંથી આપવાનાં હતાં, તેમ છતાં માત્ર ત્રણ લાખ લોકોને જ આ નાણાં મળ્યા હતા. જો તમે આવા સંકટના સમયમાં લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડી શકો નહીં, તેઓ વધુ ગરીબ બનશે અને તેમના આર્થિક ઉપાર્જનનાં સાધનો-સ્રોત મોટાપાયે ઘટી જશે અને તેઓ જ્યારે ગરીબીનો બોજ ઉઠાવી નહીં શકે તો તેઓને આત્મહત્યા જેવા કઠોર પગલાં લેવાની ફરજ પડશે, એવું તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતમાં મજૂર-કામદાર સંઘો એવા દાવાને રદિયો આપે છે કે, મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ (મનરેગા) હેઠળ મજૂરોને પર્યાપ્ત રોજગાર મળી રહ્યાં છે. ગુજરાત લેબર પંચાયત અને સ્વ-શ્રમિક સંગઠનનાં મહામંત્રી જયંતિ પંચાલે જણાવ્યું હતું કે, સરકાર મનરેગા અંગે મોટાં-મોટાં દાવા કરે છે, પરંતુ મજૂરો હજુ પણ મનરેગા અંગે જાણતા જ નથી કે તેમણે કામ માગવા જવું પડે છે અને મનરેગામાં કામ કર્યા બાદ મજૂરોને તત્કાળ વેતન મળતું નથી અને સંપૂર્ણ દિવસ માટે પણ કામ મળતું નથી. તે એવા લોકો છે જે રોજ ખાય છે અને તેમને રોજ કેસની જરૂર પડે છે અને તેથી તેઓ મનરેગામાં કામ કરવા જતા નથી.તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપઘાતથી થતા મોતની જંગી સંખ્યા એ સરકારની નિષ્ફળતાનાં કારણો છે.

આ અંગે કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ અને વડા પ્રધાન પર આકરા પ્રહારો કર્યા હતા અને એવો પણ આક્ષેપ કર્યો હતો કે દેશમાં રોજ ૧૧૫ લોકો આપઘાત કરી રહ્યાં છે. તેમણે ટ્વીટ કરી જણાવ્યું હતું કે, ''ભાજપના ગુજરાત મોડલમાં ગુજરાતમાં રોજ નવ દૈનિક મજૂરો આત્મહત્યા કરે છે અને ભારતમાં રોજ ૧૧૫ દૈનિક રોજમદાર મજૂરો આત્મહત્યા કરે છે, આપના 'ડબલ એન્જિન'એ પોતાનાં ઘાતક પૈડાં તળે ગરીબોની આકાંક્ષાઓને કચડી નાખી છે. ■

# CAA લાગુ કરી લઘુમતીઓની ભૂમિકા ખતમ કરવાનો ભાજપનો કારસો : અમર્ત્ય સેન

## અમર્ત્ય સેને જણાવ્યું હતું કે - ''મને લાગે છે કે આ પગલું એક તટસ્થ સંસ્કૃતિ, એક ન્યાયપૂર્ણ રાજનીતિ અને રાષ્ટ્રીય ઓળખની સદ્ભાવના માટે હતું, એક દિવસ ભારત મુસ્લિમો જેવી લઘુમતીઓની ઉપેક્ષા કરવા બદલ પસ્તાશે

**નોબેલ** પારિતોષિક વિજેતા અને અર્થશાસ્ત્રી અમર્ત્ય સેને જણાવ્યું છે કે નાગરિક સુધારા અધિનિયમ (સિટિઝન એમેન્ડમેન્ટ એક્ટ-સીએએ)નો અમલ કરવા પાછળનો ભાજપનો મકસદ ભારતમાં લઘુમતીઓની ભૂમિકા ઘટાડવાનો અને તેમને ઓછા મહત્ત્વપૂર્ણ બનાવવાનો છે.

એક મુલાકાતમાં અમર્ત્ય સેને જણાવ્યું હતું કે, ''જ્યાં સુધી હું જોઈ શકું ત્યાંસુધી સીએએનો અમલ કરીને ભાજપનો હેતુ લઘુમતીઓની ભૂમિકા ઘટાડવાનો અને તેમને ઓછા મહત્ત્વપૂર્ણ બનાવવાનો છે અને તેના દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભારતમાં હિંદુ બહુમતીવાદી બળોની ભૂમિકા વધારવાનો હેતુ છે અને આ હદ સુધી લઘુમતીઓને કમજોર કરવાનો મકસદ છે.




૨૦૧૯માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકારે સીએએ દાખલ કર્યો હતો. આ કાયદો પડોશી દેશોના કેટલીક કેટેગરીના ગેરકાયદે પ્રવાસીઓને ભારતીય નાગરિકતા આપવા માટે માર્ગ મોકળો કરે છે. તેની ભેદભાવયુક્ત અને પક્ષપાતી કાયદા તરીકે સખત ટીકાઓ થઈ છે, કારણ કે - તેમાં મુસ્લિમોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. સૂચિત નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆરસી) સાથે સીએએની ભારતીય મુસ્લિમોને હાંસિયામાં ધકેલી દેવાના એક સાધન તરીકે ટીકા થઈ છે.

આ અંગે સુપ્રીમ કોર્ટ ઓબ્ઝર્વર ખુલાસો કરે છે કે - ''સીએએ એવા ગેરકાયદે પ્રવાસીઓને નાગરિકતા માટે પાત્ર બનાવે છે, જેઓ હિંદુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી કે ખ્રિસ્તી સમુદાયના હોય અને જેઓ અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ કે પાકિસ્તાનથી આવેલા હોય. આ માત્ર એવા પ્રવાસીઓને લાગુ પડે છે કે જેઓ ભારતમાં ૩૧, ડિસેમ્બર-૨૦૧૪ના રોજ કે તે પહેલાં ભારતમાં પ્રવેશ્યાં હોય.

''સૂચિત ઓલ ઇન્ડિયા નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનસીઆર)ના સંયોજનમાં જોઈએ અને મૂલવીએ તો સીએએ ભારતમાં વસતા અનેક મુસ્લિમોની સંપૂર્ણ નાગરિકતાથી વંચિત રાખી શકે છે. આમ સૂચિત એનઆરસી ભારતમાં વસતાં મુસ્લિમો અને બિન મુસ્લિમો સહિત ઘણી વ્યક્તિઓને નાગરિકતાથી વંચિત રાખશે. જ્યારે બાકાત રહી ગયેલા બિન મુસ્લિમોને સીએએ અંતર્ગત નાગિરકતા પુનઃ પ્રાપ્ત કરવાની તક મળશે, પરંતુ મુસ્લિમોના કિસ્સામાં આવું બનશે નહીં. આથી સીએએ સાથેના સંયોજનમાં

**નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેન કહે છે કે, CAA લાગુ કરીને ભાજપનો મકસદ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભારતમાં હિંદુ બહુમતવાદી બળોની ભૂમિકાને વધારવાનો છે...**

એનઆરસી ભારતના મુસ્લિમ નિવાસીઓ અપ્રમાણસર રીતે બાકાત રાખશે.

જો કે સીએએને એક કાયદો બનાવી દેવામાં આવ્યો છે, પરંતુ સંબંધિત નિયમો હજુ સુધી ઘડવામાં આવ્યા નથી અને તેથી આ કાયદો હાલ કાર્યાન્વિત થયો નથી અને અમલી બનાવાયો નથી.

અમર્ત્ય સેને જણાવ્યું હતું કે, ''ભારત જેવા દેશ માટે આ બાબત ઘણી જ દુર્ભાગ્યપૂર્ણ છે કે જેને એક બિન-સાંપ્રદાયિક, ધર્મનિરપેક્ષ અને સમતાવાદી રાષ્ટ્ર માનવામાં આવે છે. સીએએનો ઉપયોગ લઘુમતીઓ પછી તે બાંગ્લાદેશથી આવેલા હોય કે પ.બંગાળના હોય, પરંતુ તેમને સ્વદેશીના બદલે વિદેશી તરીકે જાહેર કરવાની ભેદભાવયુક્ત કાર્યવાહી માટે કરવામાં આવ્યો છે તે ખરેખર દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. આ તેમના માટે અત્યંત અપમાનજનક અને તેમની પ્રતિષ્ઠાને હાનિકારક કાર્યવાહી છે અને હું તેને મૂળભૂત રીતે એક ખરાબ પગલાં તરીકે ગણું છું.''

જ્યારે અમર્ત્ય સેનને પૂછ્યું કે શું ભાજપ શાસિત સરકારની કામગીરીમાં આટલા વર્ષોમાં સુધારો થયો છે કે કેમ ? ત્યારે તેમણે જવાબમાં સ્પષ્ટ 'ના'માં આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ''તેમની કામગીરીમાં સુધારો થયો હોય એવું હું માનતો નથી. હું માનું છું કે, ભારતને એવી માન્યતા અને સ્વીકૃતિની જરૂર છે કે, પ્રત્યેક ભારતીયને કેટલાંક અધિકારો છે અને આ અધિકારો રાષ્ટ્રનાં સભ્યપદ દ્વારા આવે છે. મહાત્મા ગાંધીએ પણ આ જ કરવાનો પ્રયાસ કર્યો હતો.

અમર્ત્ય સેને વધુમાં જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીએ એક જૂથને બીજા જૂથ સામે ભીડાવવાનો પ્રયાસ કર્યો ન હતો અને ધાર્મિક રીતે દઢતાપૂર્વક પ્રતિબદ્ધ હિન્દુ હોવા છતાં તેઓ મુસ્લિમોને સ્વતંત્રતા પહેલાં જે આધાર કે સ્થિતિ હતી તેના કરતાં વધુ આધાર આપવા માટે તૈયાર હતા. અમર્ત્ય સેને જણાવ્યું હતું કે - ''મને લાગે છે કે આ પગલું એક તટસ્થ સંસ્કૃતિ, એક ન્યાયપૂર્ણ રાજનીતિ અને રાષ્ટ્રીય ઓળખની સદ્ભાવના માટે હતું. એક દિવસ ભારત મુસ્લિમો જેવી લઘુમતીઓની ઉપેક્ષા કરવા બદલ પસ્તાશે. ■




**भारत बीमार मानसिकता का गुलाम जहां बलात्कारियों को बचाने के लिए रैली निकाली जाती है-संयुक्त राष्ट्र**



ભારતના ૧% અમીરો દેશના અડધોઅડધ ગરીબો કરતાં ૧૩ ગણી વધુ મિલકત ધરાવે છે

# ભારતના સૌથી મોટા ૨૧ અબજોપતિઓ પાસે દેશના ૭૦ કરોડ લોકો કરતાં વધારે સંપત્તિ

**અબજોપતિઓની સંપત્તિ** | રોજ રૂ. ૨૨,૦૦૦ કરોડનો વધારો થઈ રહ્યો છે, જેના પર ટેક્સ લદાય તો ૨ અબજ લોકોની ગરીબી દૂર થઈ શકે

સૌજન્ય : સંદેશ (તા.૧૭-૧-૨૩)

ભારત જેવા વિકાસશીલ દેશમાં અમીરો અને ગરીબો વચ્ચેની ખાઈમાં સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં ઓક્સફેમ દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતના સૌથી મોટા ૨૧ અબજોપતિઓ પાસે દેશના ૭૦ કરોડ લોકો કરતા વધુ સંપત્તિ છે. દેશનાં ૧ ટકા અમીરો ભારતના અડધોઅડધ ગરીબો કરતા ૧૩ ગણી કે ૪૦ ટકા વધુ મિલકત ધરાવે છે. ૨૦૨૦માં કોરોનાની મહામારી શરૂ થયા પછીથી લઈને નવેમ્બર ૨૦૨૧ સુધીમાં મોટાભાગના ભારતીયોને નોકરી અને રોજગારીની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. તેમને બચત કરવા સંઘર્ષ કરવો પડ્યો હતો. બીજી તરફ ગયા નવેમ્બર પછી ભારતનાં અબજોપતિઓની સંપત્તિમાં ૧૨૧ ટકાનો વધારો જોવા મળ્યો હતો. વિશ્વમાં અમીરો અનેન ગરીબો વચ્ચેની ખાઈ અસાધારણ રીતે વધી રહી છે જેમાં એક તરફ વિશ્વનાં ૧૭૦ કરોડ મજૂરો એવા દેશમાં રહે છે જ્યાં તેમને મળતી મજૂરી કરતા મોંઘવારી વધારે છે.

## ભારતના અબજોપતિઓની મિલકતમાં દરરોજ ૩,૬૦૮ કરોડનો વધારો

ભારતના અબજોપતિઓની મિલકતમાં દરરોજ ૩,૬૦૮ કરોડનો વધારો થયો હતો. જ્યારે વિશ્વ સ્તરે અબજોપતિઓની સંપત્તિમાં દરરોજ રૂ. ૨૨,૦૦૦ કરોડનો વધારો થયો હતો જેના પર ૫ ટકા ટેક્સ લાદવામાં આવે તો ૧.૭ ટ્રિલિયન ડોલરની જેટલી રકમ એકઠી કરી શકાય અને તેના દ્વારા ૨ અબજ લોકોની ગરીબી દૂર કરી શકાય. ૨૦૨૧માં ભારતના ૫ ટકા લોકો દેશની કુલ સંપતિ પૈકી ૬૨ ટકા હિસ્સા પર કબજો ધરાવતા હતા. જ્યારે ગરીબ ૫૦ ટકા વસતી ફક્ત ૩ ટકા સંપતિ પર જ કબજો ધરાવતી હતી.



## ૨૦૨૨માં ભારતમાં અબજોપતિઓની સંખ્યા વધીને ૧૬૬ થઈ

ઓક્સફેમ દ્વારા તેનો રિપોર્ટ સર્વાઇવલ ઓફ ધ રિચેસ્ટ-ધ ઇન્ડિયા સ્ટોરીમાં જણાવ્યા મુજબ ૨૦૨૦માં ભારતમાં અબજોપતિઓની સંખ્યા ૧૦૨ હતી જે ૨૦૨૨માં વધીને ૧૬૬ થઈ હતી. આ રિપોર્ટ દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં રજૂ કરાયો હતો. ભારતના ૧૦૦ સૌથી વધુ અમીર લોકોની સંપતિ ૬૬૦ અબજ ડોલર એટલે કે આશરે રૂ. ૫૪,૧૨,૦૦૦ કરોડથી વધારે હતી. જેના દ્વારા ભારતનું ૧૮ મહિનાનું બજેટ અને ખર્ચ પૂરો કરી શકાય. ભારતનાં અબજોપતિઓ પર જો ફક્ત ૨ ટકા વધુ ટેક્સ લાદવામાં આવે તો તેમાંથી રૂ. ૪૦,૪૨૩ કરોડની રકમ એકઠી કરી શકાય જેનાથી આગામી ૩ વર્ષ સુધી કુપોષિત બાળકોને ભોજન પૂરું પાડી શકાય. ૨૦૧૨થી ૨૦૨૧ વચ્ચે ભારતમાં જેટલી સંપત્તિનું સર્જન થયું તેનો ૪૦ ટકા હિસ્સો દેશના ૧ ટકા અમીરો પાસે ગયો હતો. જ્યારે ૫૦ ટકા ગરીબો પાસે આ સંપત્તિનો ફક્ત ૩ ટકા હિસ્સો હતો.

## જોશીમઠ : સુપ્રીમે રાષ્ટ્રીય આપદા જાહેર કરવાની અરજી ફગાવી

। નવી દિલ્હી ।

સુપ્રીમ કોર્ટે જોશીમઠ ભૂસ્ખલનને રાષ્ટ્રીય આપદા જાહેર કરવાનો કેન્દ્ર સરકારને નિર્દેશ કરવાની દાદ માગતી અરજી ફગાવી છે. જોકે, કોર્ટે અરજદારને છૂટ આપી કે તે ઉત્તરાખંડ હાઈકોર્ટમાં જઈ શકે છે. સુપ્રીમ કોર્ટે જોશીમઠમાં અસરગ્રસ્ત લોકોને કેન્દ્ર તરફથી રાહતની માગ પણ ફગાવી આ મામલે હસ્તક્ષેપનો ઇનકાર કર્યો છે. સીજેઆઇ ડી. વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ પી. એસ. નરસિંહા અને જસ્ટિસ જે. બી. પારડીવાલાની બેન્ચે અરજદાર સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને ઉત્તરાખંડ હાઇકોર્ટમાં અરજી કરવાની છૂટ આપી. અરજદારે સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીમાં જણાવ્યું હતું કે આ મામલે તત્કાળ સુનાવણીની જરૂર છે. આ સંકટને રાષ્ટ્રીય આપદા જાહેર કરવામાં આવે. જોશીમઠમાં આજે જે થઇ રહ્યું છે તે ખનન, મોટા પ્રોજેક્ટ્સ અને તે માટે કરાતા વિસ્ફોટોને કારણે થઇ રહ્યું છે.

---

### GERC મહેરબાન તો GUVNL પહેલવાન

# ગુજરાતના ૧.૪૦ કરોડ વીજ ગ્રાહકોને માથે વીજદરમાં યુનિટે ૨૫ પૈસાનો વધારો ઝીંકાયો

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૮-૧-૨૩)

અમદાવાદ,મંગળવાર

ગુજરાત વીજ નિયમન પંચ મહેરબાન હોવાથી ગુજરાતના વીજ વપરાશકારોને માથે ગુજરાત ઉર્જા વિકાસ નિગમની ચાર કંપનીઓએ યુનિટદીઠ ભાવમાં ૨૫ પૈસાનો વધારો ઝીંકી દીધો છે. પરિણામે ગુજરાતના વીજવપરાશકારોને માથે વરસે રૂ. ૨૯૫૦ કરોડનો વધારાનો ખર્ચ બોજ આવશે. ફ્યુઅલ પ્રાઇસ એન્ડ પાવર પરચેઝ એગ્રીમેન્ટ(એફપીપીપીએ)ની ફોર્મ્યુલા હેઠળ વીજદરમાં આ વધારો કરવામાં આવ્યો છે.

## ગ્રાહકો માથે મહિને ૨૪૬ કરોડનો બોજો : વીજ કંપનીએ FPPPAમાં કરેલો આ વધારો સૌથી મોટો છે

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડે એફપીપીપીએમાં કરેલો આ વધારો સૌથી મોટો વધારો છે. તેને કારણે ગ્રાહકોને માથે મહિને ૨૪૫.૮ કરોડનો વધારાનો બોજ આવશે. માસિક બોજ રૂ. ૨૯૫૦ કરોડનો થવા જાય છે. જીયુવીએનએલએ હેઠળની વીજ કંપનીઓ દર ત્રણ મહિને વીજદરમાં પોતાની રીતે ૧૦ પૈસા વધારી શકે છે. આ વખતે ૧૦ પૈસા ઉપરાંત વીજગ્રાહકો પાસેથી બાકી લેવાના નાણાં પેટે યુનિટદીઠ બીજા ૧૫ પૈસાની વસૂલી કરવાની છૂટ આપવામાં આવી હતી.

સૌથી આઘાત પમાડે તેવી બાબત તો એ છે કે ગુજરાત વીજ નિયમન પંચે જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૩ના ત્રિમાસિક ગાળામાં એફપીપીપીએ યુનિટદીઠ ૨.૯૦ બદલે ૨.૮૫ વસૂલવાની છૂટ આપી દીધી છે. અસાધારણ સંજોગો હેઠળ આ વધારો મંજૂર કરી દેવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડે-જીયુવીએનએલએ ઈંધણ ખર્ચ અને ખાનગી કંપનીઓ પાસે વીજળીની ખરીદી કરવાના લીધેલા નિર્ણયની યોગ્યતાની ખરાઈ કર્યા વિના જ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. ગુજરાત સરકારની વીજ કંપનીઓ સસ્તી વીજળી પેદા કરી શકે છે. તેમ છતાંય તેના પાવર પ્લાન્ટની વીજ ઉત્પાદન ક્ષમતાના સરેરાશ ૪૦ ટકાની આસપાસ વીજળી પેદા કરીને બાકીની વીજળી ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી ઊંચા ભાવે ખરીદતી હોવાની બાબત અનુચિત હોવા છતાંય જર્ક તેમની સામે કોઈ જ પગલા લેતું નથી. બીજું, સરકારી કંપનીઓ ઓછી કે નહિવત વીજળી પેદા કરતાં હોવા છતાંય તેના પાવર પ્લાન્ટની જાળવણી માટે, તેને માટે લેવાયેલી લોનના વ્યાજના ખર્ચ અને કર્મચારીઓના પગાર ખર્ચનો બોજો તો ગ્રાહકોને માથે આવે જ છે. તેમ છતાંય સસ્તી વીજળી પેદા ન કરીને ગુજરાતના ગ્રાહકોને મોંઘી વીજળી ખરીદીને સપ્લાય આપી રહી છે. આ બાબત પરત્વે જર્ક આંખ આડા કાન કરી રહ્યું છે.

**છેલ્લા બાર માસમાં વસૂલેલી FPPPA**

| સમયગાળો | વાસ્તવિક એફપીપીપીએ | રિકવર કરેલી એફપીપીપીએ |
|---|---|---|
| જાન્યુ.-ફેબ્રુ.-માર્ચ | રૂ. ૨.૯૮ યુનિટે | રૂ. ૨.૧૦ યુનિટે |
| એપ્રિલ-મે-જૂન | રૂ. ૨.૯૨ યુનિટે | રૂ. ૨.૩૦ યુનિટે |
| જુલાઈ-ઓગ.-સપ્ટે. | રૂ. ૩.૨૯ યુનિટે | રૂ. ૨.૯૦ યુનિટે |
| ઓક્ટો.-નવે.-ડિસે. | જાહેરાત ન કરી | રૂ. ૨.૯૦ યુનિટે |
| જાન્યુ.-ફેબ્રુ.-માર્ચ | જાહેરાત ન કરી | રૂ. ૨.૮૫ યુનિટે |

### વીજળી મોંઘી કેમ પડી રહી છે

એક વર્ષમાં એફપીપીપીએમાં યુનિટે ૭૫ પૈસાનો વધારો કરી દેવામાં આવ્યો છે. તેના કારણોની વાત કરીએ તો ગુજરાત સરકારની વીજ કંપનીઓ સસ્તી વીજળી પેદા કરી શકતી હોવા છતાં ઓછી પેદા કરે છે. લિગ્નાઈટથી વીજળી પેદા કરવાની કુલ ક્ષમતા સામે માત્ર ૧૫.૯ ટકા વીજળી જ પેદા કરી છે. લિગ્નાઈટથી સૌથી સસ્તી વીજળી પેદા થઈ શકે છે. ગેસ આધારિત વીજ ઉત્પાદન પ્લાન્ટમાં ગેસનો સપ્લાય ઓછો હોવાથી અને કુલ ક્ષમતાના માત્ર ૫.૪ ટકા જ વીજળીનું ઉત્પાદન કરી શકાયું હતું. એસ્સાર પાવરને વીજળી પેદા કરવા માટે રૂ. ૧૦૦ કરોડની લોન આપી છે. ખાનગી કંપનીને ધંધો કરવા માટે સરકાર લોન આપે તે નવાઈ પમાડે તેવી બાબત છે. બીજું, તેની લોન ભરપાઈ થઈ જાય તે માટે તેની પાસેથી જ અંદાજે યુનિટદીઠ રૂ. ૭ના ભાવે વીજળીની ખરીદી કરવામાં આવી રહી છે. ઇન્ડિયન એનર્જી એક્સચેન્જમાંથી યુનિટદીઠ રૂ. ૧૨ સુધીના ભાવે વીજળીની ખરીદી કરી હોવાથી પણ ગુજરાતના વીજ ગ્રાહકોને વીજળી માટે પણ ઊંચા બિલ ચૂકવવા પડી રહ્યા છે.

---


### આવી રીતે ભણે છે ગુજરાત...

# કપરાડાની ૬૧ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વૃક્ષ નીચે કે મંદિરના ઓટલે ભણે છે

વલસાડ,બુધવાર

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલી ૬૧ પ્રાથમિક શાળાઓમાં વર્ષો જૂના જર્જરિત ઓરડાઓ તોડી પાડવા માટે વિદ્યાર્થીઓને બેસવા લાયક ન રહેતા તોડી પાડવાની મંજૂરીઓ આપવામાં આવી હતી. અને નવા વર્ગખંડો બનાવવા માટે જિલ્લા પંચાયત દ્વારા સ્વભંડોળની ગ્રાન્ટમાંથી સૌ પ્રથમવાર શાળાના ઓરડા બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતુ. આ માટે ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી હતી. કપરાડા તાલુકામાં ૬૧ પ્રાથમિક શાળામાં ૨૩૪ નવા ઓરડા બનાવવા માટે ખાતમુહૂર્ત પણ કરી દેવાયું હતુ પણ બે વર્ષનો સમય વિતવા છતાં હજી સુધી ઓરડાઓ બન્યા નથી. જેના કારણે વિદ્યાર્થીઓ કફોડી પરિસ્થિતિમાં મુકાયા છે. હાલ વિદ્યાર્થીઓ ગ્રામ પંચાયતના ઓટલા પર, ગ્રામ પંચાયતના મકાનમાં કે મંદિરના ઓટલા ઉપર કે પછી દેવળના ઓટલા ઉપર કે પછી પતરાના શેડમાં બેસવા મજબુર બન્યા છે. શુક્લબારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાઇબાબાના મંદિરના ઓટલા પર બેસી શિક્ષણ મેળવી રહ્યા છે. રાજકારણીઓને માત્ર શ્રીફળ વધેરવામાં જ રસ હોય તેવું જણાય રહ્યું છે. આ સમગ્ર બાબતે સમસ્ત આદિવાસી સમાજ કપરાડાના અગ્રણી અને મનાલા ગામના સરપંચ જયેન્દ્ર ગામીતે બાળકોના ભવિષ્યની ચિંતા કરી કલેકટરને આવેદન પત્ર આપી સમગ્ર બાબતથી વાકેફ કર્યા છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૯-૧-૨૩)



મંજૂરી આપવા સાથે ઘણી શાળાઓમો નવા બનાવવા માટેની પણ મંજૂરી મળી ગઈ હતી. જર્જરિત ઓરડાઓ તોડી પાડવામાં આવ્યા પરંતુ આજે બે વર્ષનો સમય વિતવા છતાં નવા ઓરડાઓ બની શક્યા નથી. જેના કારણે શાળામાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓએ વૃક્ષ નીચે કે ગ્રામ પંચાયતના મકાનમાં કે મંદિરના ઓટલા ઉપર કે પછી પતરાંના શેડ નીચે બેસીને શિક્ષણ લેવાની ફરજ પડી છે. આ અંગે મનાલા ગામના સરપંચે કલેકટરને રજૂઆત કરી બાળકોના ભવિષ્યની ચિંતા કરી તાત્કાલિક ઓરડા બનાવવાની માંગ કરી હતી.

કપરાડા તાલુકામાં એવી અનેક પ્રાથમિક સ્કૂલો આવેલી છે કે જ્યાં બે વર્ષ અગાઉ જર્જરિત અને જોખમી વર્ગખંડો

### લો બોલો ! તાલુકા શિક્ષણાધિકારીને ખબર જ નથી કે કેટલી શાળામાં ઓરડા જર્જરિત છે

કપરાડા તાલુકાના પ્રાથમિક શિક્ષણ અધિકારી પ્રીતિબેનને ટેલીફોનિક વાતચીત કરતા જણાવ્યું કે, ઓરડાઓ મંજૂર કરવાની કામગીરી જિલ્લા કક્ષાએથી થાય છે, તેથી કેટલા ઓરડાઓ જર્જરિત છે તે અંગે ખ્યાલ નથી. જ્યારે તેમને એમ પૂછવામાં આવ્યું કે કેટલી શાળામાં વિદ્યાર્થીઓ વૈકલ્પિક રીતે બહાર બેસી અભ્યાસ કરે છે તે અંગે પણ તેઓ અંદાજિત આંકડો પણ રજૂ કરી શક્યા ન હતા. તેમણે સ્પષ્ટ પણે ના પાડી દીધી હતી કે તેમને આ બાબતની કોઈ ખબર જ નથી. જો તાલુકા ના શિક્ષણ અધિકારીને કેટલી શાળામાં વિદ્યાર્થીઓ બહાર બેસીને અભ્યાસ કરે છે તેની જાણકારી ન હોય તો શું આ અધિકારી ઓફિસની બહાર નીકળતા જ નથી ? જેવા અનેક સવાલો ઉઠ્યા છે.

## જર્જરિત ઓરડા તોડી પાડ્યા અને નવા ઓરડા માટે ગ્રાન્ટ મંજુર થઈ જતાં ખાતમુહૂર્તો કરી દેવાયા પણ બે વર્ષથી ઓરડા બન્યા નથી

ફરિયાદ | કેટલાય વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટ બંધ રહેતી હોવા છતાં કોન્ટ્રાક્ટરોને કેટલો દંડ કરાયો તેની વિગત તંત્ર દ્વારા છૂપાવાતી હોવાનો આક્ષેપો

# મ્યુનિ. લાઈટ ખાતામાં જ ઘોર અંધારું : સ્ટ્રીટ લાઈટના મેઈન્ટેનન્સમાં ધાંધિયાં

## • કોન્ટ્રાક્ટ રાખનારે કર્મચારીઓ, સાધનો અને પ્રોફેશન ટેક્સની માહિતી પૂરી પાડી નથી

**નવગુજરાત સમય** > અમદાવાદ

સૌજન્ય : નવગુજરાત સમય (તા.૧૯-૧-૨૩)

શહેરનાં તમામ માર્ગો ઉપર સ્ટ્રીટ લાઇટનાં થાંભલા થકી અજવાળા પાથરવા માટે કરોડો રૂપિયાનાં ખર્ચ પછી મેઇન્ટેનન્સનાં કોન્ટ્રાક્ટરને છાવરવાનાં લાઇટ ખાતાનાં અધિકારીઓનાં પ્રયાસોનાં કારણે અનેક સવાલોનાં જવાબ મળતા નથી અને મ્યુનિ. તિજોરી ઉપર નાણાંકીય ભારણ ઘટવાને બદલે વધતુ જાય છે.

મ્યુનિ. લાઇટ ખાતાનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર, લાઇટ ખાતા દ્વારા શહેરનાં જુદા જુદા વિસ્તારોનાં જાહેર માર્ગો ઉપર આવેલાં ૧.૩૬ લાખ જેટલાં સ્ટ્રીટ પોલ્સનાં ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ સને ૨૦૧૪થી પાંચ વર્ષ માટે સિટેલુમ ઇન્ડિયા નામની કંપનીને સોંપવામાં આવ્યો હતો. જેમાં આ કંપનીને એક થાંભલા દીઠ ૯૮ રૂપિયા ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી હતી. પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે, આ ટેન્ડર સ્ટે.કમિટીમાં મંજૂર થયુ ત્યારે તેમાં કેટલી રકમનો ખર્ચ થશે અને સમયાંતરે સ્ટ્રીટ પોલ્સની સંખ્યા વધે તો સિક્યોરિટી ડિપોઝિટ વધારવા અંગે સહિતની મ્યુનિ.નાં હિતમાં હોય તેવી શરતો કે સ્પષ્ટતા કરવામાં આવી નહોતી.

તાજેતરમાં કમિશનરે સિક્યોરિટી અને વોટર પમ્પિંગ સ્ટેશનનાં કોન્ટ્રાક્ટરો ઉપર પૉસ બોલાવી તેવી જ રીતે લાઇટ ખાતાનાં કોન્ટ્રાક્ટરે દરેક વોર્ડ દીઠ કેટલા ડિપ્લોમાં ઇલેક્ટ્રીકલ ઇજનેર સહિતનો સ્ટાફ રાખવાનો અને કેટલા સાધન-વાહન રાખવાનાં તેમજ સ્ટાફનો પ્રોફેશનલ



ટેક્સ કાપીને મ્યુનિ.માં જમા કરાવ્યો છે કે નહીં તેવી કોઇ વિગતો આપવાનુ ટાળ્યુ છે કે લાઇટ ખાતાનાં અધિકારીઓ માહિતી જાહેર કરવામાં ખચકાઇ રહ્યાં છે તે તપાસનો વિષય છે.

મ્યુનિ. લાઇટ ખાતાનાં અધિકારીઓ જ સ્ટ્રીટ પોલ્સનાં મેઇન્ટેનન્સનાં કોન્ટ્રાક્ટરને ભરપૂર મદદ કરતાં હોય તેમ સ્પષ્ટ થયુ છે. લાઇટ બંધ હોય, વાયરીંગ ખુલ્લુ હોય સહિત અનેક કામો ન થયાં હોય તો કોન્ટ્રાક્ટરને પેનલ્ટીની જોગવાઇ કરવામાં આવી છે, પરંતુ આ જોગવાઇ કાગળ ઉપર જ રહી ગઇ હોય તેમ લાઇટ ખાતાનાં રિપોર્ટને જોતાં લાગી રહ્યું છે.

ચોંકાવનારી વિગત તો એ છે કે, મ્યુનિ.માં કેટલાય મોટા કોન્ટ્રાક્ટરો ખેલ પાડીને કોન્ટ્રાક્ટ મેળવી લેતાં હોય છે અને પછી પેટા કોન્ટ્રાક્ટમાં કામ આપી દઇ પોતાનાં હિસ્સાનો નફો બેઠા બેઠા હાંસલ કરતાં હોય છે. તેવુ જ લાઇટ ખાતાનાં અધિકારીઓની મહેરબાનીથી મેઇન્ટેનન્સનાં કામમાં થયુ છે.

મેઇન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ લેનારી કંપનીએ સબ કોન્ટ્રાક્ટ આપતાં પહેલાં મ્યુનિ.ની મંજૂરી લેવી પડે તેવી જોગવાઇ છે, તેમ છતાં સક્ષમ સત્તાની મંજૂરી વગર દરેક ઝોનમાં પેટા કોન્ટ્રાક્ટ આપી દેવાયો હોવાનુ જણાયુ છે.

### વીજકરંટથી ગાય મરી ગઇ તોય પેનલ્ટી વસૂલ કરાઇ નહીં

કોન્ટ્રાક્ટરોને પેનલ્ટીમાંથી બચાવવાની મનોવૃત્તિ મ્યુનિ.નાં દરેક ખાતામા પ્રવર્તમાન છે, તેમાં લાઇટ ખાતુ પણ બાકાત નથી. વસ્ત્રાપુરમાં ભરવાડવાસ પાસે વીજકરંટ લાગતાં એક ગાય મરી ગઇ હતી, આથી કોન્ટ્રાક્ટર પાસેથી એક લાખ રૂપિયા દંડ વસૂલ કરવાનો હતો, પરંતુ આજદિન સુધી તેની વસૂલાત થઇ નથી અને તેના બદલે મ્યુનિ.ની તિજોરીમાંથી એક લાખ રૂપિયા સહાય ચૂકવાઇ હતી. થલતેજ અંડરપાસમાંથી ચાર એલઇડી ફિટીંગ ચોરાઇ ગયાં હતા, તેનાં એક લાખ રૂપિયા પણ કોન્ટ્રાક્ટર પાસેથી વસૂલ કરાયા નથી.

---

ગુજરાત સરકારનું દેવું રૂપિયા ૩,૦૦,૯૬૩ કરોડને પાર થયું

# ૧૫૭ નગરપાલિકાઓમાં દેવાળુ ફૂંકાયું, પાણી-વીજબિલના ૧,૧૬૦ કરોડ બાકી

## રૂ.૬૨૩ કરોડના પ્રોપટી ટેક્સમાંથી માંડ રૂ.૨૨૮ કરોડની જ વસૂલાત થઈ

। ગાંધીનગર ।

ગુજરાત સરકારનું દેવુ રૂપિયા ૩,૦૦,૯૬૩ કરોડને પાર થયુ છે અને એ જ રસ્તે હવે રાજ્યની ૧૫૭ નગરપાલિકાઓનો વહિવટ આગળ વધી રહ્યો છે. પાલિકાઓના નરમ વહિવટને પરિણામે પાણી અને વીજળી બીલનું બાકી લ્હેણું રૂપિયા ૧,૧૬૦ કરોડે પહોંચ્યુ છે. જો, ગુજરાત સરકાર દ્વારા પાલિકાઓને ચૂકવાતી સહાય બંધ કરી દેવાય તો આ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આર્થિક સ્થિતિ વધુ વણસે તેવી હાલત હોવાનું ચિત્ર ઉપસ્યુ છે.

મહાત્મા મંદિરમાં ગુરૂવારે રાજ્યની તમામ નગરપાલિકાઓના પદાધિકારી અને ચીફ ઓફિસર્સની સિટી લિડર્સ કોન્ક્લેવ મળી હતી. જેમાં ૧૫૭ શહેરી સંસ્થાની આર્થિક સ્થિતિ પરત્વે શહેરી વિકાસ વિભાગના અધિકારીઓ દ્વારા પ્રસ્તુત પ્રેઝન્ટેશનમાં ઉપરોક્ત ચિત્ર ઉપસ્યુ થયુ હતુ. હાલમાં ૧૫૭ નગરપાલિકાઓને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાણી પુરૂ પાડે છે. વૉટર ચાર્જિસ પેટે સરકારના આ બોર્ડને રૂપિયા ૬૧૦ કરોડ લેવાના બાકી નિકળે છે. જ્યારે સ્ટ્રીટ લાઈટ સહિત વીજ વપરાશ પેટે રૂપિયા ૫૫૦ કરોડનું બીલ વિવિધ ઉર્જા કંપનીઓને લેવાનું થાય છે. નગરપાલિકાઓ પોતાના શહેરોમાં પ્રોપર્ટી ટેક્સની વસૂલાત પણ કડકાઈ પૂર્વક કરી શકતી નથી. પ્રાપ્ત માહિતી મુજબ પ્રોપર્ટી ટેક્સ પેટે રૂ.૬૨૩ કરોડની સામે માંડ રૂ.૨૨૮ કરોડની જ વસૂલાત થઈ રહી છે. આ સ્થિતિમાં દેવાળું ફૂંકાય અને પાણી અને વીજ કનેક્શન કાપી ન દેવાય તેના માટે સરકાર પોતે સીધી ગ્રાન્ટમાંથી જ પાલિકાઓ વતી બીલ ચૂકવીને વહિવટનું સંતુલન કરી રહી છે. આથી, તમામ પાલિકાઓને કડકાઈ પૂર્વક વસૂલાત, આવકના નવા સ્ત્રોત ઉભા કરવા, વેરાના વધો જૂના દરો વધારવા મુખ્યમંત્રી સહિત અધિકારીઓએ સુચના આપી છે. હવે સરકારની આ સુચનાનો કેટલો અમલ થાય છે તેના પર સૌની નજર છે.

### પ્રાદેશિક કમિશ્નરશ્રીઓ, નગરપાલિકાઓ

સૌજન્ય : સંદેશ (તા.૨૦-૧-૨૩)



**દરેક પાલિકામાં એક TP સ્કીમ, CMએ ગ્રાન્ટ મંજૂરીની સત્તા માટે સમિતિ રચી**

નગરપાલિકાઓના પદાધિકારી અને ચીફ ઓફિસર્સની સિટી લિડર્સ કોન્કલેવને સંબોધતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દરેક પાલિકામાં એક ટાઉન પ્લાનિંગ સ્કિમ બનાવવા જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ કે, પાલિકાઓ પોતાના નગરોના વિકાસના કામો માટે વધારાના નાણાં આયોજિત કરવાની સાથે શહેરમાં સુખાકારી અને જનસુવિધા વૃધ્ધિના કામો હાથ ધરે તેના માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. કોન્કલેવ પહેલા જ મુખ્યમંત્રીએ ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસના કામોની તાંત્રિક અને વહિવટી મંજૂરી માટે પાલિકાકક્ષાએ સમિતિ રચીને નાણાકીય સત્તાઓ વહેંચ્યા હતા. સત્તાના વિકેન્દ્રીકરણના ભાગરૂપે તેમણે ચીફ ઓફિસરના અધ્યક્ષપદે સમિતિ રચવાનો નિર્ણય જાહેર કર્યો છે. જે અનુસાર અ વર્ગની પાલિકાઓની સમિતિને રૂપિયા ૫૦ લાખ, બ- વર્ગની પાલિકાને ૪૦ લાખ, ક- વર્ગને રૂ.૩૦ લાખ અને ડ- વર્ગની પાલિકા રૂ.૨૦ લાખ સુધીના કામો સમિતિ મારફતે મંજૂર કરાવી વિકાસની રફતાર વધારી શકશે.

---

RTIના દાયરા હેઠળ ન હોય એટલે માહિતી ન અપાય તે અયોગ્ય

# દેખાવો કયા નિયમો હેઠળ નામંજૂર થાય તે જાહેર કરોઃ HCનો આદેશ

## CAA-NRCના વિરોધમાં દેખાવની મંજૂરી ન મળતાં HCમાં અરજી થયેલી

સૌજન્ય : સંદેશ (તા.૧૮-૧-૨૩)

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય પોલીસને આદેશ કર્યો છે કે, ગુજરાત પોલીસ એક્ટની સેક્શન ૩૩ હેઠળ ઘડાયેલા નિયમો લોકો માટે જાહેરમાં વેબસાઈટ પર મુકો, જેથી, લોકો આ નિયમોને સરળતાથી મેળવી શકે. હાઈકોર્ટનુ અવલોકન છે કે, અરજદારને તમામ દસ્તાવેજો મેળવવાનો હક છે. અરજદારને માહિતી આપો કે ક્યાં નિયમ હેઠળ તેઓને વર્ષ ૨૦૧૯માં દેખાવ કરવા માટે મંજૂરી આપી ન હતી. જેથી, આવી માહિતી મેળવવા માટે અરજી કરવી ન પડે. આ માહિતી સેન્સિટીવ છે. સ્પેશિયલ બ્રાંચ આરટીઆઈના દાયરામાં આવતુ નથી, આ બધી બાબતોના આધારે માહિતી ન આપવાનુ સરકારનુ વલણ યોગ્ય નથી. ઓથોરિટી સાવચેતી અપનાવીને આ માહિતી આપતા નથી, તેને લાગે છે કે, આ દેખાવનો હેતુ રાજકીય હેતુ માટે તો નથી ને ? આ પ્રકારનુ વલણ માહિતી અધિકારના કાયદાના હેતુને મારી નાખે છે. આ કાયદાનો હેતુ જ એ છે કે, લોકશાહીમાં પારદર્શીતા આવે.

નાગરિકો દેખાવો કરવા માટે જ્યારે પોલીસની મંજૂરી માગે છે ત્યારે તેમને આ નિયમોને આધીન મંજૂરી આપવી કે નહી તે અંગે પોલીસ વિભાગ નિર્ણય લેતુ હોય છે. આ નિયમો જાહેર જનતા માટે ઉપલબ્ધ ન હતા અને એવુ બહાનુ કઢાતુ હતુ કે તે માત્ર વિભાગીય ઉપયોગ માટે જ છે. વર્ષ ૨૦૧૯માં એક મહિલાએ સિટિઝન એમેંડમેન્ટ એક્ટ ( સીએએ) અને એનઆરસી સામે કનોરિયા આર્ટ સેન્ટર સામે દેખાવો કરવા માટે માગેલી મંજૂરીને પોલીસે નકારી હતી. જેની સામે તેણે હાઈકોર્ટમાં અરજી કરેલી. જેના પર હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો છે. અરજદારની રજૂઆત હતી કે તેણીએ શાંતિપૂર્ણ વિરોધ માટે પોલીસની મંજૂરી માગેલી. પરંતુ ગુજરાત યુનિવર્સિટીના પોલીસ સ્ટેશને તેને ફગાવેલી. આ પછી, કમિશનરને અરજી કરીને માહિતી માગેલી કે ક્યાં આધારે તેને શાંતિપૂર્ણ દેખાવ કરવાની મંજૂરી અપાતી નથી. જેને પણ નકારાઈ હતી. અરજદારને દેખાવો કરવા માટે ક્યાં નિયમો હેઠળ ના પાડવામાં આવે છે તેની વિગતો ન આપીને આરટીઆઈ અને લોકોના મૂળભૂત અધિકારોનો ભંગ કરાય છે.

---

રૂપાણી સરકારમાં મંત્રી રહેલા સુરતના MLAનો બળાપો

# બિન અનામત નિગમમાંથી વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન મળતી નથી

## વિદેશ ગયાના છ મહિને પણ લોન નહીં, યુવાનોનું ભાવિ જોખમમાં : કાનાણી

સૌજન્ય : સંદેશ (તા.૧૯-૧-૨૩)

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વિદેશ અભ્યાસ માટે મળતી રૂપિયા છ લાખની લોન ચૂકવવામાં આવતી નથી. જેના કારણે વિદેશ ગયાના છ- છ મહિના પછી પણ અનેક યુવા વિદ્યાર્થીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાનો બળાપો તત્કાલિન રૂપાણી સરકારમાં મંત્રી રહેલા કિશોર કાનાણીએ ઠાલવ્યો છે. સુરત સ્થિત વરાછા રોડ મતક્ષેત્રના ધારાસભ્ય કિશોર કાનાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને નિગમમાં જેમણે અરજી કરી છે તેવા વિદ્યાર્થીઓને તાત્કાલિન લોન મંજૂર કરવા માંગણી કરી છે. તેમણે લખ્યુ છે કે, નિગમમાં અરજી કર્યા બાદ જેમને વિઝા મળી ચૂક્યા છે. વિદેશમાં એડમિશન પણ મળી ગયુ છે તેવા વિદ્યાર્થીઓના વિદેશમાં પહોંચ્યાના છ મહિના સુધી લોન મળતી નથી. જેના કારણે વિદ્યાર્થીને અનેક મુશ્કેલીઓ પડી રહી છે. તેમનું ભાવી જોખમમાં મુકાયુ છે. આથી, જેમણે અરજી કરી છે તેમની લોન મંજૂર થાય તે જરૂરી છે.

ઉલ્લેખનિય છે કે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ અને આયોગમાં દોઢ- બે વર્ષથી અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને નિયામક મંડળમાં સભ્યોની રાજકીય નિયુક્તિઓ થઈ નથી. આથી, રોજેરોજના નિર્ણયો, અરજીઓની ચકાસણી અને મંજૂરી સહિતની વહિવટી પ્રક્રિયા અત્યારે ઈન્ચાર્જ અધિકારીઓના હવાલે છે. જેના કારણે વિદેશ શિક્ષણ સહાય સહિતની અનેક યોજનાઓના

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨-૧-૨૩)

## કેનેડાથી અમેરિકા લઈ જવાનું કૌભાંડ

# કબૂતરબાજીના આરોપીને છોડાવવા ભાજપના બે નેતાના નિષ્ફળ ધમપછાડા

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૯-૧-૨૩)

અમદાવાદ,બુધવાર

કેનેડાથી ગેરકાયદેસર બોર્ડર ક્રોસ કરાવી અમેરિકા મોકલવાનું રેકેટ ચલાવતી એજન્ટોની ચેનલ તોડી પાડવા સરકારના આદેશ બાદ એજન્સીઓએ કડક કાર્યવાહી શરૂ કરી હતી. દિલ્હીના આદેશને પગલે પોલીસે ભાજપના નેતાઓના ફાઈનાન્સરને ગેરકાયદે વિદેશ મોકલવાના રેકેટમાં સંડોવણી અંગે પકડી, કડકાઈ દાખવતા રાજકીય આલમમાં સોંપો પડી ગયો હતો. રાણીપમાં 'મેટર'ના નામથી જાણીતા યુવા નેતાએ શારીરિક રીતે કદમાં નાના પણ પાર્ટીમાં પદ મામલે મોટું કદ ધરાવતા જૂના સાથી એવા બે નેતાની મદદ માંગી ફાઈનાન્સર ને છોડાવવા આજીજી કરી હતી. રાજ્યસ્તરે પાર્ટીમાં પહેલી હરોળમાં આવતા આ બંને નેતાએ 'મેટર'ને ખાતરી આપી દીધી કે, આપણો મિત્ર છૂટી જશે કોઈ વાંધો નથી. જો કે, પોલીસ પર દબાણ કર્યા બાદ બંનેને ખબર પડી કે, દિલ્હીથી આદેશ કડક કાર્યવાહીનો છે. આમ, કાયમ ઓવર કોન્ફીડન્શનમાં રાચતા બંને કદાવરને તેમનું કદ સમજાયું અને તેઓના શસ્ત્રો બુઠ્ઠા નીકળ્યાનો અહેસાસ થયો હતો.

## રાણીપમાં 'મેટર'થી જાણીતા નેતાના કહેવાથી દબાણ થયું પણ દિલ્હીના આદેશ સામે શસ્ત્રો બુઠ્ઠા નીકળ્યા

ડિંગુચાના એક જ પરિવારના ચાર સભ્યોના મોત મામલે કેન્દ્ર અને રાજ્ય સરકારના આદેશ બાદ વિવિધ એજન્સીઓ ગેરકાયદેસર રીતે લોકોને વિદેશ મોકલતા એજન્ટોની ચેનલને તોડવાના કામમાં લાગી ગયા હતા.

૬૫ થી ૭૦ લાખ રૂપિયાની વસુલાત કરી માનવ જીંદગીઓ સાથે મોતનો ખેલ ખેલતા એજન્ટો સામે કડક કાર્યવાહીની પ્રજામાં પણ માંગ ઉઠી હતી. એજન્સીઓની તપાસમાં મુખ્ય સૂત્રધાર બોબીના નજીકના સાગરિતનું નામ બહાર આવતા પોલીસે તેને ઉઠાવ્યો હતો. કેનેડા બોર્ડર ક્રોસ કરાવી ગેરકાયદેસર રીતે અમેરિકા મોકલવાના રેકેટનો આરોપી ભાજપના નેતાઓ સાથે પણ ઘરોબો ધરાવતો હતો. પોલીસે આરોપીને ઉઠાવતા રાણીપ વિસ્તારમાંથી ભાજપનો નેતા મેટર એક્ટિવ થયો અને મિત્રને છોડાવવા માટે જોર લગાવ્યું હતું. મેટરે પોતાના જૂના સાથીદાર અને પાર્ટીમાં મોટું કદ ધરાવતા પણ શારીરિક રીતે કદમાં નાના બે નેતાને ફોન કરી ફાઈનાન્સર પકડાયો હોવાની જાણ કરી તેને છોડાવવા માટે દબાણ શરૂ કર્યું હતું. સ્વભાવે ઉગ્ર પણ ભાષણ કરવામાં માસ્ટર ગણાતા બંને નેતાએ પોલીસ પર પ્રેશર ટેકનિક અપનાવી હતી. એક નેતા એવું માનતા કે, આપણી ભલામણ થાય પછી પોલીસ ફાઈનાન્સરને છોડાવી દેશે.જો કે, પોલીસે મચક આપ્યા વગર નેતાના સાથીદાર પર કાર્યવાહી કરી હતી. દિલ્હીના આદેશને પગલે પોલીસ પણ કોઈ ભૂલ કરવાના મૂડમાં ન હતી. જેના પગલે પોલીસે ઢીલ દાખવ્યા વગર કડક કાર્યવાહી કરવાનું મન બનાવી લીધું હતું. બીજી તરફ પોલીસ પર થયેલી પ્રેશર ટેકનિક બાદ વિદેશ મોકલવાના રેકેટના સૂત્રધારો ભાજપના આ નેતાઓના સંપર્કમાં હોવાનું અને તેઓ સાથે આર્થિક વ્યવહારો કરતા હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

## ઓનલાઈન શિક્ષણ શહેરો પૂરતુ મર્યાદીત, ગામોમાં ભાવી રોળાયું

# ગ્રામ્ય વિસ્તારમાં ધો.૮નાં ૬૮ ટકા બાળકોને ભાગાકાર આવડતા નથી

### કોરોના પહેલા ૭૩ ટકા બાળકો વાંચી શકતા હતા જે ઘટીને ૫૨ ટકા થઈ ગયાં

સૌજન્ય : સંદેશ (તા.૨૦-૧-૨૩)

કોરોના મહામારી દરમિયાન સરકાર દ્વારા આપવામાં આવેલુ ઓનલાઈન શિક્ષણ માત્ર શહેરો પૂરતુ જ મર્યાદીત રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારના બાળકોનું ભાવી રોળાયું હોવાની એક સર્વેમાં વિગતો સામે આવી છે. ગુજરાત સહિત દેશની શૈક્ષણિક સ્થિતિને લઈ 'અસર' દ્વારા જાહેર કરાયેલા વર્ષ-૨૦૨૨ના રિપોર્ટ મુજબ ગુજરાતના ધોરણ.૮માં અભ્યાસ કરતાં ૬૮ ટકા બાળકો ભાગાકાર કરી શકતા નથી. એટલુ જ નહી કોરોના પહેલા ધોરણ.૮ના ૭૩ ટકા બાળકો ગુજરાતી સ્પષ્ટ વાંચી શકતા હતા જે સંખ્યા વર્ષ-૨૦૨૨માં ઘટીને માત્ર ૫૨ ટકા થઈ ગઈ છે. આમ હાલની સ્થિતિએ ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોમાં ધોરણ.૮માં અભ્યાસ કરતાં ૪૮ ટકા વિદ્યાર્થીઓ ગુજરાતી પણ વાંચી શકતા નથી તેવુ આ રિપોર્ટના આંકડા પરથી કહી શકાય છે.

અસર દ્વારા દેશભરની ગ્રામ્ય વિસ્તારની શૈક્ષણિક સ્થિતિનો એક અહેવાલ પ્રસિદ્ધ કર્યો છે, જેમાં વર્ષ-૨૦૧૨થી વર્ષ-૨૦૨૨ સુધીની સ્થિતિના આંકડા જાહેર કરવામાં આવ્યાં છે. આ સર્વેમાં સરકારી અને ખાનગી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોની વાંચન, લેખન અને ગણનની સ્થિતિ તેમજ સ્કૂલોમાં પ્રાથમિક સુવિધા અંગેનો અભ્યાસ કરવામાં આવેલો છે. અસર દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટ મુજબ કોરોના મહામારી બાદ ગુજરાતની ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોમાં અભ્યાસ કરતાં બાળકોની સ્થિતિ વધુ કફોડી બની છે. વર્ષ-૨૦૧૮માં ધોરણ.૫ના ૫૩.૮ ટકા બાળકો ધોરણ.૨ લેવલનું વાંચી શકતા હતા જે વર્ષ-૨૦૨૨માં ઘટીને ૩૪.૨ ટકા થઈ ગયાં છે. આવી જ રીતે ગણિતની વાત કરવામાં આવે તો, ધોરણ.૮ના માત્ર ૩૧.૮ ટકા અને ધોરણ.૫ના ૧૪.૭ ટકા જ બાળકો જ ભાગાકાર કરી શકે છે. વર્ષ-૨૦૧૮માં ધોરણ.૫ના ૨૦.૨ ટકા બાળકો ભાગાકાર કરી શકતા હતા.

આવી જ રીતે અંગ્રેજી વિષયની વાત કરીએ તો, વર્ષ-૨૦૧૬માં ધોરણ.૮ના ૩૭.૬ ટકા બાળકો અંગ્રેજી વાક્યો વાંચી શકતા હતા જે ૨૦૨૨માં ઘટીને ૨૫.૨ ટકા થઈ ગયાં છે. જેમાં ખાનગી સ્કૂલના બાળકોની ટકાવારી ૬૧.૬ ટકાથી ઘટીને ૪૨.૪ ટકા થઈ છે જ્યારે સરકારી સ્કૂલમાં ૩૫.૩ ટકાથી ઘટીને ૨૪ ટકા થઈ છે. આ અહેવાલના તારણનો મુખ્ય સુર એ જ નિકળતો હતો કે કોરોનાના વખતના બે વર્ષ ઓનલાઈન શિક્ષણ આપવામાં રાજ્ય સરકાર ઊણી ઊતરી છે.

# અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને વર્ષ પૂરું થવા છતાં શિષ્યવૃત્તિ મળી નથી

### વર્ષ 2022-23 પૂરું થવા છતાં શિષ્યવૃત્તિની ચૂકવણી ન થતાં મુશ્કેલી

**નવગુજરાત સમય** > અમદાવાદ

સૌજન્ય : ન.ગુ.સ. (તા.૨૦-૧-૨૩)

રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વિવિધ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓ પૈકી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ સહિતના અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને નિયમ પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવતી હોય છે. વર્ષ 2022-23માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ પૈકી અનેક વિદ્યાર્થીઓને હજુ સુધી આ શિષ્યવૃત્તિની ચૂકવણી કરવામાં ન આવતાં તાજેતરમાં મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામા આવી હતી.

ધો.12 પછી આર્ટ્સ, કોમર્સ, સાયન્સ સહિતના જુદા જુદા કોર્સમાં પ્રવેશ મેળવતાં અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને નિયમ પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. દર વર્ષે અંદાજે ૪થી 5 લાખ વિદ્યાર્થીઓને આ પ્રકારની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જોકે,



**શિષ્યવૃત્તિના કારણે અનેક વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડવા મજબૂર થવું પડશે તેવી મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત**

ચાલુ વર્ષે વર્ષ 2022-23ના વર્ષમાં પ્રવેશ લેનારા અનેક વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી નથી. નિયમ પ્રમાણે નિર્ધારિત સમયમાં શિષ્યવૃત્તિ ન મળવાના કારણે અનેક વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. આજે આમ આદમી પાર્ટીના શિક્ષણ પરિષદ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને તાકીદે આ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ફાળવણી કરવાની માંગણી કરવામા આવી છે. નિયમ પ્રમાણે વર્ષ પૂરું થવા છતાં હજૂ સુધી અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ચૂકવણી ન થતાં અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચ અને વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ ચાલુ રાખવામા ભારે મુશ્કેલી નડી રહી છે. નિયત સમયમાં શિષ્યવૃત્તિના રૂપિયા ન આવતાં કેટલાક વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડવા માટે પણ મજબૂર થવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ રહી છે. આ સ્થિતિમાં તાકીદે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળે અને આગામી વર્ષે પણ અભ્યાસ શરૂ થતાની સાથે જ શિષ્યવૃત્તિ આપી દેવામાં આવે તેવી માંગણી કરી દેવામાં આવી છે.

## માથાભારે વ્યાજખોરોએ હવે હદ વટાવી

# જો પૈસા ન હોય તો ઘરની સ્ત્રી તો છે ને... કહું ત્યારે મોકલી આપજે

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૮-૧-૨૩)

અમદાવાદ, શુક્રવાર

હાલ સમગ્ર રાજ્યમાં વ્યાજખોરો વિરૂદ્ધ પોલીસ દ્વારા વિશેષ ડ્રાઇવ ચલાવવામાં આવી રહી છે. જે અનુસંધાનમાં વ્યાજખોરો વિરૂદ્ધ સમગ્ર ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં ફરિયાદો મળી છે. આ સાથે કેટલાંક કિસ્સાઓમાં વ્યાજખોરોને વ્યાજ નહી આપી શકનાર મહિલા પાસેથી વ્યાજના બદલે શારીરિક સંબધોની અઘટિત માંગણી કરવામાં આવી હોવાની અરજીઓ પણ પોલીસને મળી છે. જેમાં કેટલાંક પરિવારના સભ્યોને કહ્યું હતું કે પરિવારની મહિલાને વ્યાજખોર કહે ત્યાં મોકલી આપે. આ બાબતને ખુબ જ ગંભીરતાથી લઈને પોલીસ અધિકારીઓએ તપાસના આદેશ આપ્યા છે. જે બાદ વ્યાજખોરો વિરૂદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરવા માટે સુચના આપી છે.

## પોલીસને અનેક જિલ્લાઓમાં વ્યાજખોરો દ્વારા અઘટિત માંગણીની ફરિયાદો પણ મળી : કેસની તપાસ બાદ ગુના નોંધાશે

ગુજરાત પોલીસે ગત ૫મી જાન્યુઆરીથી વ્યાજખોરો વિરૂદ્ધ સમગ્ર રાજ્યમાં ડ્રાઇવ ચલાવી છે. જેમાં અનેક લોક દરબારની સાથે વ્યાજખોરો વિરૂદ્ધ અરજી કરવા માટે વિવિધ પોલીસ સ્ટેશનોની હદમાં પેટીઓ પણ મુકી છે. તેમજ અનેક લોકો પોલીસ અધિકારીઓને પ્રત્યક્ષ રીતે મળીને વ્યાજખોરો દ્વારા આપવામાં આવતા શારિરીક માનસિક ત્રાસ અંગે રજૂઆત કરી છે. ત્યારે સમગ્ર ગુજરાતમાં ખુબ મોટાપ્રમાણમાં પોલીસ ફરિયાદો પણ નોંધવામાં આવી છે અને વ્યાજખોરોની ધરપકડ પણ કરવામાં આવી છે.

જો કે પોલીસને ચોંકાવનારી ફરિયાદો પણ મળી છે. જેમાં મહિલાઓ પાસેથી વ્યાજખોરોએ વ્યાજ કે નાણાંને બદલે શારીરિક સંબધની માંગણી કરી હોવાની ચોંકાવનારી અરજીઓ પણ વિવિધ જિલ્લાની પોલીસને મળી છે. તો કેટલાંક કિસ્સામાં એવી પણ રજૂઆત કરવામાં આવી છે દેવાના બોજમાં દબાયેલા વ્યક્તિને ઘરની મહિલાને મોકલી આપવા માટે પણ કહેવામાં આવ્યું છે. આમ, વ્યાજખોરોએ માત્ર માસિક ૧૦ટકા વ્યાજ જ નહી પણ વાહન કે દાગીના જપ્ત કરવાની સાથે મહિલાઓ યુવતી સાથે શારિરીક સંબધની માંગણી પણ કરી છે.

પોલીસ અધિકારીઓના ધ્યાનમાં આ પ્રકારની ગંભીર બાબત ધ્યાનમાં આવતા તેમના દ્વારા તપાસના આદેશ પણ અપાયા છે અને આક્ષેપોની ખરાઇ કર્યા બાદ ગુનો નોંધવા માટે પણ સુચના આપી છે.

## આચાર્યની જગ્યા માટે બાંયધરી લેવાશે : શહેરમાં ૭૬ જગ્યા ભરાશે

અમદાવાદ, શુક્રવાર

રાજ્યની ગ્રાન્ટેડસ્કૂલોમાં ખાલી પડેલી આચાર્યની જગ્યાઓ ભરવા માટે સરકારની મંજૂરી મળતા પ્રક્રિયા શરૂ કરવામા આવી છે ત્યારે અમદાવાદ શહેર ડીઈઓ હેઠળની ૭૬ ગ્રાન્ટેડસ્કૂલોની યાદી તૈયાર કરાઈ છે અને જેમાં આચાર્યની જગ્યા ભરાશે. સ્કૂલના મંડળ પાસેથી લેખિત બાંયધરી લેવામા આવશે. તમામ એજ્યુકેશન ઈન્સપેક્ટર-બીટ નિરીક્ષકોને પ્રમાણપત્ર લેવાની જવાબદારી આપવામા આવી છે. જે સ્કૂલ પ્રમાણપત્ર નહી આપે તે સ્કૂલમાં આચાર્યની જગ્યા ભરવામા નહી આવે અને ઉમેદવાર જ્યારે હાજર થવા આવે ત્યારે સ્કૂલે ફરજીયાત હાજર કરવાના રહેશે. ટ્રસ્ટીની સહી સાથે સ્કૂલે બાંયધરી આપવાની રહેશે કે જ્યારે ઉમેદવાર હાજર થવા આવે ત્યારે શાળા મંડળ હાજર કરશે અને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે નહી.

## ટ્રેનની અડફેટે આવી જતા ૬૦ વર્ષીય વૃદ્ધનું મોત

અમદાવાદ, શુક્રવાર

રાણીપ સાબરમતી બ્રોડગેજ લાઈન પર ગુરૂવારે બપોરે ૪.૨૦ વાગ્યે ટ્રેનની અડફેટે આવી જતા સાહરભાઈ જીવણભાઈ રબારી (ઉ.૬૦)નું સ્થળ મોત નિપજ્યું હતું. સાહરભાઈને બનાવને પગલે ગંભીર ઈજા થઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. જેના પગલે સારવારમાં જતા પહેલા તેઓનું મરણ થયું હતું. રાણીપ પોલીસે બનાવ અંગે અકસ્માત મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.


મહાશિવરાત્રીના
પર્વ નિમિત્તે
આપ સર્વેને શુભેચ્છાઓ...
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

Published on every 5th and 20th every month




R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.